[સચિત્ર]

ગઝલે ગીત ગોવિંદ.

ભાષાંતર કર્તા:

નટવરસિંહ વિ. બલદેવભાઈ.

કીમત રૂ. દોઢ.

"નટવર કાવ્યમાળા ગ્રંથ ૧ લો."

[સચિત્ર]

ગઝલે ગીત ગોવિંદ.

આદિ ભક્તકવિ જયદેવ પ્રણિત

શ્રી ગીત ગોવિંદનું ભાષાંતર.

ભાષાંતર કર્તા :

નટવરસિંહ વિ. બલદેવભાઇ દેસાઈ

પાટડી (ડ્રી. અમદાવાદ.)

પ્રકાશક:

નટવરસિંહ વિ. બલદેવભાઇ દેસાઇ

પાટડી (ડ્રી. અમદાવાદ.)

નોચ્છાવર રૂ. દોઢ.

પ્રથમાવૃત્તિ] સને ૧૯૨૩ [પ્રત ૧૦૦૦

કુંજવિહારી ગોપીલાલ મુ.
ન્યુ પ્રિન્ટિંગ વર્ક્સ
રીચીરોડ—અમદાવાદ

'गच्छतः स्खलनं क्वापि, यत्र क्व च न जायते ।
हसंति दुर्जनास्तत्र. समादधाति सज्जनाः ॥

સોલ એજંટ્સઃ
મેસર્સ એન. બી. દેસાઇ એન્ડ કંપની
પાટડી (ડી. અમદાવાદ)

ધૂળધોયાના બે બોલ.

મહાભારત ને રામાયણની પેઠે અખિલ ભારતવર્ષમાં તેમજ વિદેશમાં અષ્ટપદીને નામે ખ્યાતી પામેલું, સંસ્કૃત સાહિત્યની પ્રતિષ્ઠા વધારનારૂં, વિદ્વજ્જનોને મોહિત કરનારૂં, દેશાંતરમાં Song of Songs ના કીર્તિકરના નામને પાત્ર બનેલું, અલંકાર, નાયકાભેદ આદિથી ભરપૂર, રાગરંગના પ્રેમીને રંગમાં, ભક્તિના પ્રેમીને ભક્તિમાં મગ્ન બનાવનારૂં, અર્થાલંકારોથી ભરપૂર, ધર્મ મંદાકનિના પ્રવાહમાં વિહાર કરનાર અને કરાવનાર મહાકવિ જયદેવ પ્રણિત, મહાકાવ્ય ગીત ગોવિંદનું ભાષાંતર પુસ્તક રૂપે સાહિત્ય રસિક બંધુજનો સમક્ષ મૂકતાં મને અપૂર્વ આનંદ થાય છે.

ગીત ગોવિંદનાં ગુર્જર સાહિત્યમાં અનેક ભાષાંતર થયાં છે. સાક્ષર ચક્રચુડામણિ શ્રીયુત્ રા. બ. કેશવલાલભાઈ હર્ષદરાય ધ્રુવનું ભાષાંતર સર્વથી શ્રેષ્ટ પદે બીરાજે છે. તેમનું ભાષાંતર મૂળ ગીત ગોવિંદને ભૂલાવે તેવું છે. તેમની ભાષાંતર કરવાની શૈલી વખાણવા જોગ છે. હીંદીભાષામાં તેનાં ભાષાંતર થયાં છે તેમાંનું એક મેં જોયું છે. આંગલ ભાષાના સુપ્રસિદ્ધ કવિ આર્નોલ્ડે પણ તેની માતૃભાષામાં અનુવાદ કર્યો છે.

પ્રીયપાઠકો અને પાઠિકાઓ! હું કવિ યા લેખક નથી. મારી તુચ્છ બુદ્ધીથી તૈયાર થયેલા આ ભાષાંતરમાં અનેક ભૂલો હશે, તેની આપ માફી આપશો. જાહેરમાં ટીકા કરી ઉગતા લેખકને તોડી પાડવો, તેના કરતાં તેને યોગ્ય સૂચના આપી તેની ભૂલો સુધારી લેવા સૂચના કરવી એ

શ્રેષ્ઠ છે. અર્થાલંકાર પીંગળાદિ ઘણા દોષો આ ભાષાંતરમાં હશે, આપ તેને માટે ઉદાર મનથી ક્ષમા આપશો એવી આશા છે.

આ ભાષાંતર તૈયાર કરવામાં રા. બ. કેશવલાલભાઇના ભાષાંતરનો મુખ્ય આધાર લેવામાં આવ્યો છે. તે મહાશયનો હું જાહેરમાં આભાર માની ઋણમુક્ત થાઉં છું. મારા પરમસ્નેહી મીત્ર– રા. રા. રતિલાલ સાંકળેશ્વર શાસ્ત્રીએ આ ભાષાંતર તૈયાર કરવામાં જે પ્રસંગોપાત સલાહ આપી છે, તેમનો તથા જે આપ્ત જનોએ આગાઉથી ગ્રાહાક થઇ કીંમતી મદદ આપી છે, તેમનો હું મુક્ત કંઠે આભાર માનું છું. તે મહાશયોનાં નામ સ્થળ સંકોચને લીધે પ્રસિદ્ધ કરવામાં આવ્યાં નથી, તે માટે દીલગીર છું.

પ્રૂફ તપાસવામાં પુરતી કાળજી રાખી છે, છતાં ભૂલ હોય તો માફી માગું છું. કોઇ સભ્યજન સૂચના કરશે તો આભાર સહિત બીજી આવૃત્તિમાં સુધારી લેવામાં આવશે.

गृहीतं यद्ग वद्भिर्ल गुणितं दुष्ट मन्यथा

पतिंपयो राजहंसै वारित दूर भुज्जितम्.

અર્થ :— તમે સભ્યજનો જે ગૃહણ કરો તે ગુણવાળું અને જે ત્યાગી દો તે ગુણ વગરનું તેમ હું માનું છું. રાજહંસ પીએ તે દૂધ અને ત્યાગી દે તે પાણી

सुज्ञेषु किम् बहुना

ભાષાન્તર કર્ત્તા.

સાક્ષર ચક્રચુડામણિ,

રા. બ. કેશવલાલભાઇ હર્ષદરાય ધ્રુવ

બી. એ.

શુભ નિવાસ—અમદાવાદ.

આપે મારા પર કૃપા કરી આ ભાષાંતર તૈયાર કરવામાં, આપના ભાષાંતરનો આધાર લેવા માગણી કરતાં ઉદાર મનથી જે રજા આપી છે, તેને માટે હું આપનો જીંદગી પર્યંતનો ઋણી છું. તે ઉપકારનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. હું પરમ કૃપાળુ શ્રીકૃષ્ણ પરમાત્મા પાસે શુદ્ધ અંતઃકરણથી એટલુંજ માગું છું, કે આપને દરેક કાર્યમાં ફત્તેહ મળે અને અવિચળ યશની પ્રાપ્તિ થાય. ઇશ્વર આપને દિર્ઘાયુ બક્ષો. તથાસ્તુ.

લી. આપનો સદાનો આભારી

ગુર્જર ગિરાનો સેવક,

નટવરસિંહ વિ. બલદેવભાઈ દેસાઇ

અર્પણ પત્રિકા

जयति जननिवासो देवकी जन्मवादो
यदुवर परिषत्स्वैर्दोर्भि रस्यन्न धर्मम् ।
स्थिरचर वृजिनन्घः सुस्मितः श्रीमुखेन
व्रजपुर वनितानां वर्धयन्कामदेवम् ॥

(श्रीमद्भागवत. द. स्कं० उ. अ. ९०)

સકળજનોના નિવાસ રૂપ, દેવકીના પુત્ર રૂપ તથા યાદવોના સબંધી રૂપ છે, પોતાના પ્રચંડ બાહુબળથી અધર્મનો ઉચ્છેદ કરી, સકળ બ્રહ્માંડનો પાપ ભાર હર્યો છે, તથા પોતાના શરદશશિ સમાન ઉજ્જવળ વદને વ્રજવનિતાના વિરહાનલમાં વૃદ્ધિ કરી છે, એવા શ્રીકૃષ્ણ પરમાત્માના ચરણકમળમાં તેમના જ ગુણગાન ગાનારો આ લઘુ ગ્રંથ સપ્રેમ સમર્પણ.

લી. શ્રીકૃષ્ણ પરમાત્માનો

દાસાનુદાસ

નટવરસિંહ વિ. બલદેવભાઈ દેસાઈ

ઉપોદ્‌ઘાત

ગુર્જર સાહિત્યમાં ચરિત્રનો અભાવ અને તેની અગત્ય.

આપણા દેશમાં જનસમાજમાં એવી દઢ માન્યતા સજ્જડ ઘર કરી બેઠી છે, કે મહાપુરૂષોની વંશાવળી, તેમની જન્મતીથી અગર મરણ તીથી વિગેરેની શી જરૂર છે. અજ્ઞાન મનુષ્યો તો એમ કહે છે, કે તેઓ કયારે મરણ પામ્યા, અગર કયારે જન્મ્યા તે જાણ્યું તો એ ઠીક, અને ના જાણ્યું તો એ ઠીક, તેને માટે મીથ્યા માંથાકૂટ કરવાની શી જરૂર છે. તેઓ તો તેમની કૃતિથી જ લોક સ્મૃતિમાંથી ખસવાના નથી. મહાન શકવર્તી યુધિષ્ઠરાદિ મહારાજાઓની જન્મ તીથી વીગેરે સર્વભક્ષી કાળના સપાટામાંથી બચી જવા પામી નથી, તો બીજાની ગણત્રી જ શી.

આવા ગંભીર અને ભૂલ ભરેલા વિચારોને લીધે જ આપણે ઘણું જ સોસવું પડે છે. હાલના ગુર્જર સાહિત્યમાં મહાન પુરૂષોનાં જીવનચરિત્રનો અભાવ જોવામાં આવે છે, અને કદાચ નજરે પડે તો દંતકથાઓ વિગેરેથી મિશ્રિત, શુદ્ધ તો નહી જ, અને આપણને તેમાંથી સત્ય ઇતિહાસ ખોળી કાઢતાં ઘણી જ અડચણ નડે છે.

પરંતું હમણાં છાપકળાની વૃદ્ધિને લીધે અમુક અમુક મહાન પુરૂષોનાં જીવન ચરિત્રો છપાઇને બહાર પડ્યાં છે, પરંતું તે સાહિત્યને ખોટને પૂરે તેવાં નથી. હાલના જમાનામાં જનસમાજનો શોખ નવલ

કથાઓ વાંચવા તરફ વધારે દોરાય છે. જો સુબોધક નવલકથા હોય તો શીક્ષા મળે પરંતુ દૈવયોગે અરે! ગુર્જર સાહિત્યના કમભાગ્યે, તેવી નવલકથાઓની ન્યુનતા જોવામાં આવે છે.

મહાન પુરૂષોનાં જીવન ચરિત્રો સેંકડો વર્ષ પછી પણ પ્રજાને ઉપયોગી થઇ પડે છે. તેઓ વાંચનારના હૃદય ઉપર સચોટ અસર કરે છે. અસત્ય પંથેથી સત્ય પંથે દોરે છે. તેમના જીવનની રૂપરેખા, તેમણે કરેલાં કાર્યો વિગેરેનો અહેવાલ, તેમની જન્મ તીથી વિગેરેથી માહીતગાર થવું, અને તેને હમેશાં યાદ રાખવું. એ જનસમાજની સર્વોત્તમ પુંજી ગણાય છે. મહાન નરનાં જીવન ચરિત્રો વાંચવાથી હૃદય ઉપર જુદી જ અસર થાય છે. ભલે માણસ ગમે તેટલો ઉછાંછળો હોય, પરંતુ અહર્નીશ સુજ્ઞ સાક્ષરના હસ્તથી લખાયેલાં મહાન નરનાં જીવન ચરિત્રોનું મનન કરે તો તે જુજ સમયમાં અવશ્ય સુધરી જાય છે, તેને જીંદગીનું સત્ય સ્વરૂપ માલમ પડે છે. આપણે આ દેશમાં શા માટે જન્મ્યા છીએ, માતૃભૂમિ પ્રત્યે આપણી શી ફરજ છે; વીગેરે મહાન નરનાં જીવન ચરિત્રો વાંચવાથી માલમ પડે છે. હાલમાં કેળવણી ખાતામાં ચાલતી ગુજરાતી ટેકસ બુકોમાં એકાદ બે પાઠ કોઇ વ્યક્તિના જીવન ચરિત્રના દૃષ્ટિગોચર થાય છે, અને બાકીનો ભાગ તદ્દન નકામો ભરી દેવામાં આવ્યો છે; પરંતુ તેમાં કેટલોક ભાગ ઉપયોગી તો છે ખરો. આ કેટલું દુર્ભાગ્ય. આપણામાં કહેવત છે કે કુંમળું ઝાડ વાળીએ તેમ વળે. તેમ આ કુંમળા વયના બાળકોને ચરિત્રવાન નાયકના સત્ય અહેવાલથી માહીતગાર કરવામાં આવે, તો ખરેખર તેમનાં કુંમળા હૃદય ઉપર તેની સચોટ અસર થયા વગર રહે જ નહિ. કોઇ ગ્રેજ્યુએટ અગર બેરીસ્ટરને પૂછશો, કે આર્યભૂમિમાં

ક્યા મહાન નર રત્નો પેદા થઇ ગયા ? તો તેઓ કાન આડા હાથ દેશે, અને માંથુ ધૂણાવી નકારમાં જવાબ વાળશે. પરંતુ જો તેમને ઇંગ્લેંડ, અમેરીકા વીગેરે પરદેશમાં ક્યા ક્યા મહાન નર રત્નો પેદા થયા તે પૂછશો તો તરતજ તે મહાશયો નામ ગણાવવા માંડશે. તેનું કારણ શું ? ફક્ત ચરિત્રનો ગુર્જર સાહિત્યમાં અભાવ; મહાન નરનાં જીવન ચરિત્રો અન્ય વિદેશી ભાષામાં ઘણા જ પ્રમાણમાં જોવામાં આવે છે. અત્યારના ગુર્જરગિરાના ભક્તના હૃદયમાં કાંઇક અસર થતી આવે છે. સસ્તું સાહિત્ય કાર્યાલય આ ન્યુનતા પુરવાને તન મન અને ધનથી મહેનત કરી રહ્યું છે. આશા છે કે ગુર્જર ભાષાના પ્રેમી જનો તેને હર્ષથી વધાવી લઇ ઉત્તેજન આપશે.

પ્રજાની ઉન્નતીનો આધાર તેના સાહીત્ય ઉપર છે. જો પ્રજાનું સાહિત્ય ઉચ્ચ અને વિશુદ્ધ ભાવનાઓથી મંડીત હોય, તો પ્રજાની ઉન્નતી તેના જેટલી જ ઉચ્ચ બને છે. પ્રજા જીવન ઘડવામાં સાહીત્ય એક અત્યુત્તમ પાઠ ભજવે છે. વિશુદ્ધ અને આદર્શ જીવન ચરિત્રો ખરેખર જો જનસમાજની આગળ રસભરી રીતે રજુ કરવામાં આવે તો તેમાં સમાયેલા ઉચ્ચ આશયો અને ભાવનાઓ જનસમાજના હૃદય ઉપર સચોટ અસર કર્યા વગર રહે જ નહિ અને સત્ય કર્તવ્યની દીશા દેખાડનાર ભોમીયા તરીકે ઉપયોગી થઇ પડે છે.

ભક્તજનનાં જીવનચરિત્રો

અન્ય જનોનાં જીવન ચરિત્રો કરતાં ભક્ત જનોનાં જીવન ચરિત્રો વિશેષ ઉપયોગી છે. મુનિવર વાલ્મીકી જેમ આદિ કવિનું માન ભોગવે છે તેમ આદિ ભક્ત કવિનું માન જયદેવને જથારથ ઘટે

છે. ભક્ત કવિનાં જીવન ચરિત્રો વાંચવાથી ધર્મ ને ભક્તિનું ખરૂં રહસ્ય માલમ પડે છે. ધર્માભિમાન અવશ્ય પેદા થાય છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણે માર્ગમાં વહન કરતી ધર્મ સરિતાના પ્રવાહમાં નવડાવનાર ફક્ત ભક્ત જનોનાં જીવન ચરિત્રો જ છે. ભક્તશિરોમણિ જયદેવે પોતાના શૃંગારરસનો વિનિયોગ કૃષ્ણ રાધાની ભક્તિમાં કર્યો છે. એમનું હૃદય પ્રેમલક્ષણા ભક્તિથી ભરપૂર હતું. એમનું કાવ્ય શ્રી ગીત ગોવિંદ વૈષ્ણવ સંપ્રદાયને અનુસરતું છે. ગીતગોવિંદની વસ્તુ ભાગવત, હરિવંશ, કે પદ્મપુરાણમાંથી નથી લેવામાં આવી પરંતુ વસ્તુ-સંકલના સ્વતંત્ર છે. તોપણ તે વલ્લભી સંપ્રદાયને રૂચતું કાવ્ય છે. ગીત ગોવિંદને પ્રબંધમાં સંગીતશાસ્ત્રના, નિયમ પ્રમાણે રચેલું હોવાથી કીર્તન કરવામાં વિશેષ અનુકુળ પડે છે. ચંદ્રદત્ત મૈથિલ તો જયદેવને શ્રીકૃષ્ણ પરમાત્માનો અવતાર લેખે છે, અને ગીત ગોવિંદની વાણી તો સાક્ષાત શ્રીકૃષ્ણચંદ્રની જ છે એમ તે બેધડક કહે છે. ગીત ગોવિંદમાં પદેપદે પ્રેમલક્ષણા ભકિત પ્રકાશે છે. વિદ્વજ્જન અને ભગવજ્જનના ચરિત્રમાં જેમ અનેક તરેહની મનોહારી અદ્‌ભુત કથાઓ જોવામાં આવે છે તેમ જયદેવના જીવન ચરિત્રમાં પણ છે. આદિ કવિ મુની વાલ્મીકી, હીંદિ કવિશ્વર રામ ભકત તુલસીદાસ વીગેરે ,અન્ય ભકત કવિઓનાં જીવનચરિત્રો તપાસો; તેમાં અત્યંત અજાયબી ભરેલી અનેક કથાઓ આપણને માલમ પડશે; તો તે ધોરણે ભકત કવિ જયદેવનું જીવનચરિત્ર મનોહર કથાઓથી ભરપૂર હોય તેમાં નવાઇ શી !

મહાકવિ જયદેવની એકની એક કૃતિ ગીત ગોવિંદ

ગીત ગોવિંદ સિવાય જયદેવ પ્રણિત અન્ય પુસ્તક હાલમાં

દષ્ટિગોચર થતું નથી. સંસ્કૃત સાહિત્યમાં ઉચ્ચ સ્થાન પર વિરાજનાર ગીત ગોવિંદનો કર્તા ફક્ત ગીત ગોવિંદ રચી બેસી રહે એમ બને નહિ; પરંતુ પ્રિય પાઠકો અને પાઠિકાઓ! કવિઓના મનના તરંગો નિરાળા છે; અગમ્ય છે. તેમના તરંગોની કોઇને ખબર પડતી નથી. આવા દાખલા ઘણા જોવામાં આવે છે. અનેક કવિઓએ આવી રીતે લખીને રહેવા દીધું છે. દંડીનું દશકુમાર ચરિત્ર જુઓ. ગુણાઢય આદિ કવિઓ સંસ્કૃત સાહિત્યની રંગભૂમિમાં ફક્ત એકાદ વખત દર્શન દઇ રસિકજનોને આશ્ચર્યમાં ડુબાવી અલોપ થઇ ગયા છે. જયદેવના સ્વર્ગવાસી થયા બાદ અનેક ગ્રંથો જયદેવના નામથી રચાયેલા છે; પરંતુ સત્ય રીતે ગીત ગોવિંદના કર્તા જયદેવના રચેલા નથી. કયાં જયદેવના પ્રબંધની માધુરી અને કયાં તેમની સંસ્કાર હીન કઠોર ભાષા ?

જન્મસ્થાન અને કાળ નિર્ણય.

બંગાળામાં વિરભૂમ જીલ્લામાં કેન્દુબિલ્વ નામે એક ગામડું છે. તેમાં આ મહાન ભક્ત શિરોમણિ કવિનો જન્મ ૮૦૦ વર્ષ પૂર્વે થયો હતો. હજુ પણ તે ગામમાં કવિની યાદગીરીમાં મહાન ઉત્સવ થાય છે, અને મોટો મેળો ભરાય છે. કવિને થયે આઠસો વરસ વિત્યાં છતાં બંગાળીઓ તેમને માટે અભીમાન ધરાવે છે. ગીતગોવિંદના કર્તા જયદેવ બંગ સાહિત્યના બાલરવિ લેખાય છે.

રાજ્ય દરબારમાં જયદેવનું માન.

ઈ. સ. ૧૧૧૯–૨૦ માં બંગાળામાં લક્ષ્મણસેન નામે મહા પ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તે રાજા જાતે કવિ હતો. પરંતુ તે કવિ તરીકે પ્રખ્યાત થયો નથી; કવિઓને પોષવાથી થયો છે. તેના દરબારમાં ધોયી, ઉમાપતી, શર્ણ, ગોર્વધન વિગેરે મહાન કવિઓ હતા તેમાં જયદેવ પણ હતા. ગીત ગોવિંદ ઉપર યોજાયેલી ટીકાઓ જોતાં જણાશે કે ઉમાપતી લક્ષ્મણસેનનો અમાત્ય હતો. લક્ષ્મણસેન એક સાહિત્ય રસિક નૃપ હતો. તેનામાં કવિની કવિત્વ શક્તિ પારખવાની ટેવ હતી. કવિરાજ ધોયીની કવિતા વિદ્વતાથી ભરેલી હતી. ઉમાપતીની કવિતામાં જુદી જુદી જાતના રંગ માલમ પડતા હતા. કવિ શર્ણની કવિતામાં શબ્દ ભંડાર માલમ પડતો હતો, અને ગોવર્ધન એક જ શ્લોકમાં શૃંગારરસ સમાવી શ્રોતાઓનાં મન હરણ કરી લેતો, અને જયદેવ તેમના પ્રબંધની માધુરીથી જ પ્રખ્યાત હતા. વિશેષમાં ઉપર દર્શાવેલ તમામ ગુણોનો જયદેવના ગીત ગોવિંદમાં સમાવેશ થતો હોવાથી કવિરાજ રાજની પદવીથી જયદેવને લક્ષ્મણસેને વિભૂષિત કર્યા હતા.

જયદેવના માતા પીતાની ઓળખાણ

તેમના પિતાનું નામ શ્રીમાન્ ભોજદેવ અને તેમની માતાનું નામ સતી વામદેવી હતું. તેમને પરાશરાદિ બંધુઓ હતા. તેમને જયદેવ અત્યંત ચાહતા હતા. સતી પદ્માવતી તેમની ધર્મપત્નીહ તી.

જયદેવને સતી પદ્માવતીના પ્રેમની એક વિલક્ષણ કથા.

જયદેવનું હૃદય ભક્તિમય અને પ્રેમમય હતું. તેઓ તેમની સ્ત્રી પદ્માવતીને અત્યંત ચાહતા હતા. તેની જ આરાધનામાં પોતાનું શ્રેય સમજતા હતા. સતી પદ્માવતી પણ તેટલા જ પ્રેમથી જયદેવને ચ્હાતી હતી. તે પવિત્ર પ્રેમદાએ જયદેવ સાથે એક કુટીર ગૃહસંસારનો આરંભ કીધો હતો. જયદેવ આવી પતિપરાયણ રહેનાર પત્ની મળવાથી પોતાને કૃતાર્થ માનતા. એક વખત પદ્માવતી રાણી સાથે બેઠી હતી. ત્યાં સતી સ્ત્રીઓની વાત નીકળી. રાણીએ કહ્યું મારો ભાઇ જ્યારે મૃત્યુ પામ્યો ત્યારે તેની પાછળ તેની સો સ્ત્રીઓ સતી થઇ. ધન્ય છે! ધન્ય છે! એવી સતી સન્નારીઓને ! આ સાંભળી પદ્માવતી બોલી ઉઠી; તેઓ કાંઇ પોતાની ઉલટથી જ સતી થઇ ન હતી. **બળાત્કારે સતી થવાની ફરજ પડવાથી જે સ્ત્રીને સતી થવું પડે છે તેને શુદ્ધ સતી કહેવાય નહિ. પોતાના પ્રિયતમના મૃત્યુના સમાચાર સાંભળી જે સ્ત્રી પોતાના પ્રાણ તત્કાળ ત્યાગી દે છે, તે શુદ્ધ સતી છે.** આ ઉપરથી પદ્માવતીની પરિક્ષા લેવા ખાતર રાણીએ એક ચાકર પાસે જયદેવના મૃત્યુ સંબંધી જુઠી હકીકત કહેવડાવી. આ સાંભળી પદ્માવતી તત્કાળ બેશુદ્ધ થઇ ધરણી પર ઢળી પડી. દેહ પાષાણવત બની ગયો. તેને શુદ્ધિમાં લાવવાના અનેક ઉપચારો થયા, પરંતુ નિષ્ફળ ગયા. થોડીવાર પછી જયદેવ ત્યાં આવી પહોંચ્યા. અત્યંત સ્નેહાર્દ્ર અને પ્રેમમય હૃદયે અતિ આર્ત સ્વરે લલીત લવંગ લતાથી શરૂ થતો પ્રબંધ ગાવા માંડયો. હમેશાં ભક્તને વશ રહેનારા શ્રીકૃષ્ણ ભગવાન જયદેવની વારે ચઢયા. આઠ પદ પુરાં થતાં સતી પદ્માવતી જેમ યોગીની યોગનિંદ્રામાંથી

જાગ્રત થાય તેમ પાસું ફેરવી બેઠી થઇ આ વિસ્મયકારક બનાવ જોઇ સર્વે આશ્ચર્ય પામ્યાં. સર્વત્ર આનંદ આનંદ ફેલાઇ રહ્યો. ધન્ય છે આવાં પ્રેમી યુગલને !

ભાષાંતર કર્તા.

તા. ક. ભક્ત કવિ જયદેવનું જીવન ચરિત્ર સવિસ્તાર આગળ વર્ણવામાં આવ્યું છે. આશા છે કે શ્રમ અફળ નહિ જાય.

ગીત ગોવિંદ

ગીત ગોવિંદ શ્રીકૃષ્ણ ભગવાનની શૃંગારી લીલા ગાનારૂં કાવ્ય છે. બહુધા તરૂણજનોને શૃંગારરસ અતિ પ્રીય હોય છે. શૃંગાર અને ભક્તિરસથી ભરપુર ભગવદ્કિર્તનો મનુષ્યોને આનંદરસમાં ડુબાવે છે. કવિ જયદેવે રસની જમાવટ માટે અલૌકિક રૂપલાવણ્યના પાત્ર તરીકે શ્રીકૃષ્ણ ને રાધાને પસંદ કર્યા છે.

ગીત ગોવિંદની રચના શ્રવ્ય કાવ્ય પ્રમાણે છે, પરંતુ રસનો સાક્ષાત્કાર દૃશ્ય કાવ્યની પેઠે થાય છે. બીજા કવિઓની પેઠે પ્રભાત, મધ્યાન્હ, પ્રદોષ વિગેરે પ્રસંગો ઉપસ્થીત કરી સર્ગે સર્ગો જયદેવે ભરી નાંખ્યા નથી, પરંતુ ભરત નાટયશાસ્ત્રના નિયમને અનુસરી વસ્તુને સંક્ષેપમાં આપણી સમક્ષ રજુ કરી છે. પાત્રનો પ્રવેશ અને ગમન એક નાટકની પેઠે થાય છે. દૃશ્યકાવ્યની પેઠે વસ્તુનું નિરૂપણ પાત્ર મુખે કર્યું છે. જાણે પાત્રો જ ગીતગોવિંદની વસ્તુને આપણી દૃષ્ટિ સમક્ષ ભજવી બતાવતાં ના હોય એવો વાંચતાં વાંચતાં આભાસ થાય છે. વચ્ચે વચ્ચે જુદા જુદા રાગના શ્લોક લલકારી કવિએ કાવ્યના રસમાં ઓર વધારો કર્યો છે.

સંસ્કૃત સાહિત્યમાં અલંકારને ઉચ્ચ સ્થાન મળે છે. તેને અનુસરી ગીત ગોવિંદને અલંકારથી વિભૂષીત કરવામાં જયદેવે ખામી રાખી નથી. કોઇ કોઇ જગ્યાએ અલંકારની ખાતર અલંકાર મૂકેલા જણાય છે. અનુપ્રાસ સાચવવા માટે કોઇ કોઇ જગ્યાએ ભાષા પણ ક્લિષ્ટ

કરી હોય એમ જણાય છે. આ ઉપરથી એમ જણાય છે કે કવિને અનુપ્રાસ ને અલંકાર ઉપર વિશેષ શોખ હોવો જોઇએ.

ગીત ગોવિંદનો રસમય ભાગ પ્રબંધમાં સમાય છે. દરેક પ્રબંધમાં આઠ આઠ પદ છે. પરંતુ કવિને અમુક જગ્યાએ નવ પદ કરવાની જરૂર પડી છે. કવિવર જયદેવનાં પ્રબંધો અષ્ટપદીને નામે સકળ વિશ્વમાં ખ્યાતી પામેલા છે.

અષ્ટપદી સંગીત શાસ્ત્રના નિયમ પ્રમાણે જુદા જુદા રાગમાં જુદા જુદા તાલથી ગાઇ શકાય છે. પ્રબંધની શરૂઆતમાં અને છેવટે જે શ્લોક મુકવામાં આવ્યો છે, તે શરૂઆતમાં વસ્તુનું સૂચન કરે છે, અને છેવટમાં સમાપ્તિ બતાવે છે. સંસ્કૃતમાં ખાસ કરી માત્રા ગણવી પડે છે અને તેને માટે સખત નિયમ પણ છે પરંતુ ગીત ગોવિંદમાં કેટલીક જગ્યાએ માત્રા ગણવામાં આવી નથી. આ ઉપરથી એમ અનુમાન થાય છે કે પ્રબંધનું ધોરણ કવિશ્રીએ પ્રાકૃત ઉપરથી ઘડયું હશે, વળી આ ઉપરાંત અનેક પ્રાકૃત શબ્દો પણ જોવામાં આવે છે. લક્ષ્મણસેન મહારાજાના દરબારમાં તે સમયે કવિઓ પ્રાકૃતનું અનુકરણ કરતા હશે એમ ગીત ગોવિંદ જોતાં જણાય છે. કાવ્યની રચનામાં કવિએ કોઇ કોઇ જગ્યાએ પ્રમાદ કર્યો હોય એમ જણાય છે, પરંતુ તે સુક્ષ્મ દષ્ટીએ જોતાં સ્મૃતિભ્રંશનો જ દોષ છે.

ગીત ગોવિંદ ઉપર કાળની બહુ અસર થઇ હોય એમ જણાતું નથી, પરંતુ અમુક જગ્યાએ જ પાઠભ્રંશ થયા છે. વળી આ કાવ્યમાં ક્ષેપક ભાગ દાખલ થયો હોય તો તે ફક્ત જુજ જ છે. કેટલાક ટીકા કાર તો એમ સાબીત કરી ચૂક્યા છે, કે ફક્ત પ્રબંધની જ રચના

જયદેવની છે, બાકીના શ્લોકો તો કોઇ આધુનિક કવિએ ઘુસાડ્યા છે પરંતુ તેમાં તેઓ ભૂલ્યા હોય એમ જણાય છે.

ગીત ગોવિંદ ઉપર અનેક ટીકાઓ યોજાયેલી છે અને ઘણાએ અનુકરણ પણ કર્યાં છે. એકંદર રીતે ગીત ગોવિંદ એ અપૂર્વ કાવ્ય છે. ગૌડ દેશના કવિરાજ રાજ તો ફક્ત ગીત ગોવિંદના કર્તા જયદેવ જ.

ભાષાંતર કર્તા.

રાધા વિવાહ મત નિર્ણય.

આ કાવ્યનાં નાયક અને નાયિકા શૃંગારરસના અધિષ્ઠાતા શ્રીકૃષ્ણ ને રાસવિલાસની અધિષ્ઠાત્રી રાધા છે. શ્રીકૃષ્ણ ભગવાન બહુ વલ્લભ નાયક છે, તથાપી તેમનું ચિત્ત રાધાજીમાં રમે છે, કારણ રાધા તેમને અત્યંત ચાહે છે. શ્રીકૃષ્ણને ગોપીના વૃંદથી વીંટાયેલા જોઇ તેનામાં ઇર્ષાનો પ્રવેશ થતો નથી; પરંતું ઉલટી અધિક કામથી પરવશ થઇ કૃષ્ણને વધારે ચાહે છે. રાધાની આવી અપૂર્વ ભક્તિ જોઇ ભક્તિને આધીન ભગવાન મદન મહોત્સવના અંગે પોતાના થયેલા અપરાધ માટે ગળગળા બને છે. સ્થળ યમુનાના તટ પ્રદેશ છે મદન મહોત્સવ તેજ કિનારે વૃંદાવનમાં થાય છે. અત્રેથી કાવ્યની શરૂઆત થાય છે. રાધા કૃષ્ણની વિવાહીત પત્ની હતી જ, તેથી શ્રીકૃષ્ણ પરમાત્માએ તેથી સાથે પ્રેમ કર્યો હતો શ્રીકૃષ્ણ ભગવાનનું મન અન્ય રમાઓ તરફ પ્રેરાય એ બનવું અશકય છે. જે ધર્મ સ્થાપવા અવતર્યા છે તે કદાપી અધર્મ કરે જ નહિ.

मेघैर्मेदुरमम्बरं वनभुवः श्यामास्तमालद्रुमैर्
नक्तं भीरुरयं त्वमेव तदिमं राधे गृहं प्रापय ।
इत्थं नन्द निदेशतश्चलितयोः प्रत्यध्व कुंज द्रुमं
राधामाधवयोर्जयंति यमुनाकुले रहः केलयः ॥

* * * *

ગગન ઘન ઘોર છે રાધે, વને છાયા તમાલોની,
બીહે મુજ કૃષ્ણ લાડીલો, ભયંકર રાત્રીએ આવી:
"ગમનક ર સાથ તું એની", સૂણી આ નંદની વાણી,
વિચરતાં કુંજ જામેલી, જુગલની ધન્ય તે લીલા.

હે રાધા ! આકાશમાં વરસાદ અંધારો છે. તમાલના ઝાડોએ આખા વનને અંધકારમય કરી દીધું છે તેથી તમે જ આને ઘેર લઇ જાવ એમ નંદે કહ્યું. રસ્તામાં આવેલા વંજુલ કુંજમાં ચાલતાં રાધા માધવના યુગ્મે યમુનાના કિનારાપર કરેલી એકાંત કેલિક્રીડા જય પામે છે.

આ શ્લોક ઉપર વિચાર કરતાં માલમ પડશે કે રાધા કૃષ્ણની વિવાહીત પત્ની હતી. આ શ્લોક ઉપર અનેક જણાયે ટીકાઓ યોજેલી છે. કેટલાક ટીકાકારો તો એમ કહે છે, કે ગીત ગોવિંદનો પહેલો શ્લોક અસ્પષ્ટ છે, કવિએ નાયક નાયિકાની અવસ્થા ધ્યાનમાં લીધી હોય તેમ જણાતું નથી.

બ્રહ્મવૈવર્ત પુરાણમાં વર્ણવેલી રાધા વિવાહની વાત ધ્યાનમાં રાખી જયદેવે આ શ્લોક રચ્યો હોય એમ જણાય છે. તે પુરાણમાં નીચે પ્રમાણે કથા વર્ણવામાં આવી છે. એક સમય શ્રીકૃષ્ણ રાધાની હરિફ બીરજાને મંદીરે પધાર્યા હતા, તેટલામાં રાધાને ખબર પડવાથી તે તરતજ રથમાં બેસી બીરજાને મંદીર આવી, પરંતું પેસતાં જ દ્વારપાળ સુદામે અટકાવી. બીરજા તો રાધાના ભયથી પાણી પાણી થઇ નદી રૂપ બની ગઇ, આથી ભગવાનને બહુ ખોટું લાગ્યું, અને પાછું

તેજ રૂપ આપી સજીવન કરી. અવિરત આનંદ ભોગવતાં તેમને એક પછી એક એમ સાત પુત્ર પેદા થયા. રંગમાં ભંગરૂપ ગણી બીરજાએ શાપ આપ્યો, તેથી તેઓ સાત સમુદ્ર રૂપ થયા. રાધાથી આ સહન ના થવાથી શ્રીકૃષ્ણને શાપ આપ્યો, કે તમે પૃથ્વી ઉપર મનુષ્ય થઇ અવતરો. આ જોઇ દ્વારપાળ સુદામો બહુ જ રોષીત થયો, અને રાધાનો તિરસ્કાર કર્યો. તેથી રાધિકાએ સુદામાને શાપ આપ્યો, કે તું પૃથ્વી ઉપર અસુર થઇ જન્મ ધારણ કર. તે સાંભળી સુદામાએ પણ શાપ આપ્યો, કે હે રાધા તું પૃથ્વી ઉપર જન્મ ધારણ કરી રાયણાની સ્ત્રી થશે, ને કલંકીણી તરીકે જગતમાં ઓળખાશે.

છેવટે બંન્ને જણાં શ્રીકૃષ્ણ પાસે આવી રડી પડ્યાં. સુદામાને ભગવાને વચન આપ્યું, કે જા તું અસુરનો રાજા થઇ અવતર તારો મોક્ષ શંકરના ત્રીશુળના સ્પર્શથી થશે. રાધાને પણ દિલાસો આપ્યો કે તું જા, હું આવું છું; અને છેવટે શ્રીકૃષ્ણે મનુષ્યાવતાર ધારણ કર્યો.

આ બધી વાતો મને તો નવીજ લાગે છે. કોઇ આધુનિક કવિએ ઘુસાડી હોય એમ જણાય છે. ગમે તે કહો પણ આ પુરાણે બંગાળાના વૈષ્ણવ મત ઉપર સચોટ અસર કરી છે. મારી માન્યતા પ્રમાણે રાધા શ્રીકૃષ્ણની વિવાહીત પત્ની હોવી જ જોઇએ. ઉપર વર્ણવેલી કથા કેટલેક અંશે ખોટી છે તે આગળ વાંચતાં જણાશે.

શ્રીકૃષ્ણ ને રાધાના વિવાહની બાબતને લગતો વૃત્તાંત જે બ્રહ્મ વૈવર્ત પુરાણમાં આપેલો છે, તે નીચે મુજબ છે. સુદામાના શાપને લીધે રાધિકા કૃષ્ણની પહેલાં પૃથ્વી ઉપર આવી હોવી જોઇએ; અને

રાધાને તરૂણાવસ્થા પ્રાપ્ત થઇ હશે ત્યારે કૃષ્ણ બાળક હોવા જોઇએ તે ગીત ગોવિંદનો પ્રથમ શ્લોક સાબીત કરે છે. સ્થળ સંકોચને લીધે અત્રે જુજ ઉતારો આપ્યો છે.

एकदा कृष्ण सहितो नन्दो वृन्दावनं ययौ ।
तत्रो पवन भांडीरे चारयामास गोकुलम् ॥ १ ॥

सरस्सु स्वादु तोयं च पाययामास तत्पपो ।
उवास वटमूले च बालं कृत्वा स्ववक्षसि ॥ २ ॥

एतस्मिन्नन्तरे कृष्णो मायाबालकविग्रह : ।
चकार मायया ऽकर्म्मान्मेधाच्छन्नं नभो मुने ॥ ३ ॥

मेधावृतं नभोदृष्ट्वा श्यामलं काननान्तरम् ।
झंझावातं मेधशब्दं वज्रशब्दं च दारुणम् ॥ ४ ॥

वृष्टिधाग मतिस्थूलां कंपमानांश्च पादपान् ।
दृष्ट्वैवं पतित स्कन्धान् नन्दो भयमवाप ह ॥ ५ ॥

कथं यास्यामि गोवत्सं विहाय स्वाश्रमं प्रति ।
गृहं यदि न यास्यामि भविता बालकस्य किम् ॥ ६ ॥

एवं नन्दे प्रवदति रुरोद श्रीहरिस्तदा ।
मयाभिया भयेभ्यश्च पितुःकंठं दधार सः ॥ ७ ॥

ब्रह्मवैवर्त पुराणम् । श्रीकृष्णजन्मखंड १५ अध्यायः ।

અર્થ:—એક સમય નંદજી શ્રીકૃષ્ણને સાથે લઈ વૃંદાવનમાં ગયા, ત્યાં ભાંડીર અરણ્યમાં ગાયો ચરાવવા માંડી, સરોવરનું મીઠું જળ ગાયોને પાઈ બાળક કૃષ્ણને લઈ વડની છાયા તળે બેઠા, એટલામાં શ્રીકૃષ્ણની ઇચ્છાથી આકાશ વાદળાંથી છવાઈ ગયું. ઝંઝાવત ગગડાટ, ભયંકર શબ્દ પુષ્કળ વરસાદ અને વૃક્ષો હાલી ઉઠી પડું પડું થઈ રહેલાં જોઈ નંદ ગભરાઇ ગયા: અને બોલી ઉઠયા, હવે આ બાળક ને ગાયોને લઈ ઘેર શી રીતે જવાશે. અરે આ બાળકનું શું થશે એટલામાં શ્રીકૃષ્ણે રડવા માંડયું નંદરાયજી પરમેશ્વરનું સ્મરણ કરવા લાગ્યા તે વખતે કરોડ ભાનુના સમુદાયની કાંતિ હોય નહિ શું! એવા તેજસ્વી પ્રકાશમાં સામે ચાલી આવતી વૃષભાન કુમારી રાધાને જોઈ. કરોડ શશીને લજાવનારી રાધા નીલાંબર રત્ન જડીત ઝાંઝર, શુશોભીત નાસિકામાં મોતી યુકત નથની પહેરી, હંસગતીથી ચાલતી કર્ણમાં કુંડળ ઝુલાવતી નંદની સમીપ આવી ઉભી રહી. નંદરાય તેના તેજથી પરાભવ પામી બે હસ્ત જોડી નમન કરી કહેવા લાગ્યા, હે રાધા આ બાળક પૂર્ણ પુરૂશોત્તમ છે તમે તેનાં મુખ્ય પટરાણી છો. પદ્મા કરતાં તમને કૃષ્ણ વધારે ચાહે છે. તમારા પતિને મારા ખોળામાંથી લઈ ઘેર પહોંચાડો હું તમને નમન કરી કહું છું કે તમે આનું રક્ષણ કરો.

એમ કહી નંદે શ્રીકૃષ્ણને રાધાને આપ્યા. રાધા કૃષ્ણને કેડે બેસારી ચાલતી થઈ. થોડે દૂર ગયા પછી ગોલોકનું રાસમંડળ સાંભળ્યું, ત્યાં તરતજ મનોહર વિહાર ભૂમિ ઉત્પન્ન થઈ; શ્રીકૃષ્ણે પણ કેડમાંથી ઉતરી કિશોર અવસ્થા ધારણ કરી. આ વખતે રાધાકૃષ્ણ આકાશમાં શોભતાં મેઘને વીજળી સમાન દીપવા લાગ્યાં. તે વખતે આકાશમાંથી

દેવશ્રેષ્ઠ બ્રહ્મા રાધાકૃષ્ણની સન્મુખ આવી ઉભા રહ્યા. અને તેમના ચરણમાં વંદન કરી ચારે મુખથી સ્તુતી કરી.

છેવટે પીતા તરીકે બ્રહ્માએ રાધાનું કન્યાદાન દીધું; રાધાને વિધિસર કૃષ્ણ સાથે પરણાવી બ્રહ્મા રાધાકૃષ્ણના શુભ યુગલના ચરણોમાં એ હસ્ત જોડી વંદન કરી સ્વર્ગ પ્રતિ સિધાવ્યા ત્યાર બાદ હરિ રાધાનો હાથ પકડી કુંજ તરફ ચાલતા થયા. જેમ રતિ કામદેવની સાથે રમે તેમ શ્રીકૃષ્ણ રાધા સાથે જનરહિત વંજુલ કુંજમાં રતિરંગમાં રમવા લાગ્યા. રાધાના સર્વ મનોરથ પુર્ણ કરી ભગવાને બાળ સ્વરૂપ ધારણ કર્યું, આ જોઇ રાધિકા રડવા લાગી અને હરિને હસ્ત જોડી વિનંતી કરી હે હરિ મારા વિષે માયા કેમ કરોછો. તેજ વખતે આકાશ વાણી થઇ હે રાધા મિથ્યા શોક માં કર તારા સર્વ મનોરથ પાછળથી પૂર્ણ થશે આકાશ વાણી સાંભળ્યા પછી રાધા હરિને લઇ નંદરાયને ઘેર ગઇ અને તમારા પતિએ આને સોંપ્યો છે એમ કહી યશોદાને સોંપી રાધા પોતાના ઘેર ગઇ

આવો વૃતાંત ગર્ગસહિંતામાં પણ મળી આવે છે; પરંતુ શ્લોકની ભાષામાં (શબ્દોમાં) ફેરફાર છે. રાધા રાયણાની સાથે પરણી એવું વૃતાંત બ્રહ્મવૈવર્ત પુરાણમાં કોઇ પણ જગાએ મળી આવતું નથી. આ ઉપરથી સાબીત થાય છે કે શાપની વાત કોઇ આધુનિક કવિએ દાખલ કરી હોય એમ જણાય છે. રાધા કૃષ્ણની વિવાહીત પત્ની હતી તે આ ઉપરથી સાબીત થાય છે.

ભાષાંતર કર્તા

વસ્તુ સૂચન

સર્ગ ૧

વસ્તુઃ—વસંત ઋતુના ઉદયે વિહ્વળ બનેલી રાધિકા શ્રીકૃષ્ણને શોધતી શોધતી વૃંદાવનની કુંજોમાં આવે છે, તેટલામાં સંગોય રસિક સખી તેને શોધતી શોધતી તેની જ ફીકર કરતી આવી પ્હોંચી, તેની ઉત્કંઠામાં વધારો કરે છે "બ્હેન જો આ ઋતુરાજમાં વૃંદાવન કેવું રળીયામણું દીસે છે. કૃષ્ણ ભગવાન પણ જો પેલી ગમ ગોપાંગના સાથે કેવા આનંદથી ક્રિડા કરે છે," ઇત્યાદી વચનો કહી કહી રાધિકાને વધારે વ્યાકુળ બનાવે છે.

સર્ગ ૨

વસ્તુઃ—શ્રી કૃષ્ણને ગોપીમાં રમતા દેખી સહન ના થવાથી વિહ્વળ થયેલી રાધિકા યમુના તીરે એકાંત લતાકુંજમાં આવે છે, ત્યાં તેને પૂર્વના પ્રેમ પ્રસંગનું સ્મરણ થતાં ઉભરાઈ જતા હૃદયે કરૂણા ભરેલ શબ્દે સખી પ્રત્યે કહે છે. " અલી સખી તને સાંભળે છે કે અહીં શ્રીકૃષ્ણ મને આ લતાકુંજમાં અહીં તહીં વિલોકતી જોઇ હસી પડ્યા હતા. શરદ ઋતુમાં રાસની રમઝટ કેવી જામી હતી. હું રીસાઈ હતી ત્યારે પ્રભુએ મને પેલા ધવળ કદંબ નીચે મનાવી હતી, તે પણ તને સાંભળે છે કે ? અરેરે ! તે શ્રી કૃષ્ણ અત્યારે મને તરછોડી બીજી સાથે કેવા આનંદથી રમણ કરે છે. અહાહા ! જો રસીલા કેવા રંગીલી રામાની સુરત પીએ છે. તેના કઠીન કુચ પીડી

કેવા જોસથી ભેટે છે. આજ કુંજમાં અમારો પ્રથમ સમાગમ થયો હતો. અહા ! તે સમયની વાતની સ્મૃતિ થાતાં હૃદય ભરાઈ જાય છે. પ્રભુ બીજી સાથે રમણ કરે છે, પરંતુ મારૂં મન તો તેમનામાંજ રમી રહ્યું છે. મારી પ્રાણાધીક સખી મને તે રસપુંજ મુરારિથી ઝટ મેળવ તેમનો વિરહ સહન થતો નથી. અહા જે શ્રી કૃષ્ણ ગોપાંગનાના કટાક્ષને નાહ ગણકારતાં મને જોઇ બંસી દૂર ફેંકી દેતા, પલવારમાં પાણી પાણી થઈ જતા, મંદ મંદ હાસ્ય કરતા તે હરિ જોને કેવા ગોપી સાથે અત્યારે આનંદ લૂંટી રહ્યા છે. અહા ! તેમના વિના મને ચેન પડતું નથી. વિરહવિન્હિથી બળી બળી થઉં છું આ મલયાગરનો પવન અગ્નિ સમો લાગે છે. અલિગણની ધુની પણ પીડા આપે છે. ઉપર પ્રમાણે વિરહ સ્થીતી ભોગવતી રાધા સખી સાથે સંદેશો પાઠવે છે.

સર્ગ ૩

વસ્તુઃ—શ્રીકૃષ્ણ રાધાને ઝંખતા ગોપાંગનાને તજી યમુનાના કીનારે આવે છે. પોતાની પ્રાણ પ્રીય રાધિકાને કુંજમાં અહીંતહીં શોધે છે, પરંતુ પત્તો નહિ લાગવાથી લાચાર બની યમુનાના કિનારા પર આવેલા વંજુલ કુંજમાં પ્રવેશ કરી, રાસવિલાસીની રાધાને શોધે છે, પરંતુ નહિ જડવાથી ભૂમિપર ઢળી રાધિકાના નામની માળા જપે છે.

સર્ગ ૪

વસ્તુઃ—પ્રભુ રાધાને ઝંખી રહ્યા છે. ત્યાં રાધાની સખી ઉતાવળથી વંજુલ કુંજમાં પ્રવેશ કરી વિરહ ઘેલા હરિને વિનંતી કરી કહે છે, કે હે હરિ આપના વિના મારી પ્રાણપ્રીય સખી રાધિકા

મદનના મારથી ભારે પીડાય છે, આપની મૂર્તિમાં ચિત્ત પરોવી બેસી રહી છે. આપની રાહ જોતી લતાકુંજમાં ઝુરે છે. કામજ્વરથી તે તદ્દન બેહાલ બની છે. આપના વિરહે મૂખેથી ઉન્હા શ્વાસો મૂકે છે; તો હે રસેશ ! વિણ વિલંબે મારી સાથે આવી તે રાસેશ્વરી માનિનીનો હસ્ત ગ્રહણ કરી મદનના શરથી બચાવો. તમારા સમાગમ રૂપી ઔષધીથી તેનો કામજ્વર મટાડો. હૃદયને વજ્ર સમું કરો નહિ. જો નહિ આવશો તો બીચારી આપના વિરહે પ્રાણનો ત્યાગ કરશે.

સર્ગ ૫

વસ્તુઃ—રાધા પોતાને અનન્ય પ્રેમથી ચાહે છે, એ સાંભળી, ગળગળા બની, સંયોગ રસિક સખીને હરિ લાચારીથી વિનવે છે. સખી જા પ્રીય રાધાને મનાવી અહીંયાં તેડી લાવ મારા પગ ઉપડતા નથી ગમે તે યુક્તિ લડાવીને રાધાને તેડી પાછી સત્વર આવ. આ સાંભળી સખી રાધા પાસે જઈ ભગવાનની વિરહ દશા નિવેદન કરે છે. અને કહે છે કે હે સખી સૂર્યાસ્ત થઈ ગયો છે. આ કુંજમાં ચકિત દૃષ્ટીથી જોતી, જોતી વૃક્ષરાજીમાં ધીમાં ધીમાં પગલાં ભરતી ભરતી પ્રભુ પાસે મારી સાથે ચાલ. તારા આગમનના પંથે ચકિત દૃષ્ટિએ પ્રભુ જોઇ રહ્યા છે. જો આ ચકવા ચકવી પણ તને કહે છે કે ઉઠ, આ પ્રીતમને મળવાનો રૂડો સમય છે, અહીં વિલા મુખે કેમ બેસી રહી છે; આવી રીતે સખી રાધાને કૃષ્ણ પાસે જવા ઉશ્કેરે છે.

સર્ગ ૬

વસ્તુઃ—શ્રી કૃષ્ણ પાસે જવા વિરહથી કૃશ થયેલી રાધિકા ઉઠે છે, પરંતુ ધરણી પર પગ દેતાં તે ઢળી પડે છે. આ જોઇ સખી કૃષ્ણ પાસે પહોંચી કહે છે, હે પ્રભુ! આપના વિયોગે તે કૃશ રાધા આપની મુર્તિનું ધ્યાન ધરી લતાકુંજમાં બેઠી છે. બીચારી ચાલતાં પડી જાય છે. વારંવાર પંથ તરફ ચકિત દૃષ્ટીથી જુએ છે. શૈયા સમારી મનમાં અનેક તરંગો ઘડે છે. હે પ્રભુ! તે બીચારી આ મધુ યામીની આપના વિના કેવી રીતે કાઢશે તે કહી શકાતું નથી.

સર્ગ ૭

વસ્તુઃ—આ હકીકત સાંભળી શ્રીકૃષ્ણ તરતજ લતાકુજમાં જવા માટે તૈયાર થાય છે. પરંતુ માર્ગમાં ચંદ્રાવળી આદિ પ્રીયામાંથી કોઇ મળી જાય છે. તેથી તે તેનું મન મનાવવા દક્ષિણ રાત્રી તેના સમાગમમાં ગાળે છે. આ બાજુ રાધાને શ્રીકૃષ્ણ વિણ એક એક ઘડી જુગ જેટલી ભાસે છે. "ધીમે ધીમે શશિ પણ આકાશના મધ્ય ભાગે આવ્યો. ના કૃષ્ણજી આવ્યા કે ના સખી આવી" આ જોઇ રાધા ધીરજ છોડી રડવા લાગી. એટલામાં કૃષ્ણને વિદાય કરી પાછળ રહેલી સખી આવી પહોંચી પરંતુ કૃષ્ણને ના જોવાથી તેનું મુખ ઉતરી ગયું નિસ્તેજ મુખ જોઇ રાધિકા તુરતજ ચેતી ગઇ કે કપટી કાનાએ મને ઠગી, ભગવાન તો મને વર્જીને બીજી સાથે રમવા રહ્યા હશે. આવી રીતે રાધિકા પોતાની શોકયના સૌભાગ્યની અદેખાઇ કરતી વિલાપ કરવા લાગી.

સર્ગ ૮

વસ્તુઃ—રાધાની હરિફના ફંદમાંથી છૂટતાંજ શ્રીકૃષ્ણ રૂઠેલી રાધાની ખબર લેવા લતાકુંજમાં આવે છે. પ્રીય રાધાને સ્નેહભંગથી ખીજવાયેલી જોઈ પ્રણત પડી મીઠા બોલે રાધાના રોષને હરી લે છે. રાધા પણ કૃષ્ણના ચાતુર્યથી ભોળવાય છે. જેવા ભગવાન ઉઠવા જાય છે ત્યાં રાધાની દષ્ટી પોતાની હરિફના પગના અળતેથી રંગાયેલી છાતી ઉપર પડેછે, અને ક્રોધથી રાતી પીળી થઈ આઘા રહો અડશો નહિ, જાવો તમો જુઠાછો, તમારી હોય તેને પગે પડો. તમારી કપટ બાજી હું જાણી ગઇ છું. તમારૂં મન પણ તમારા શરીરના રંગ જેવું છે. ઈત્યાદિ કઠોર વચનો કહી રાધા કૃષ્ણનો તિરસ્કાર કરે છે.

સર્ગ ૯

વસ્તુઃ—આ રીતે પકડાઇ જવાથી સમય ઓળખનાર કૃષ્ણ ત્યાંથી ખસી જાય છે. રાધાનો રોષ પણ એકાંતમાં આપોઆપ શાંત પડે છે." હાય, હાય ! મેં ભૂંડીયે હરિને તરછોડયા હવે શું કરવું, એવી રીતે શોક કરતી રાધા વિલા મુખે બેસી રહી છે, એટલામાં કૃષ્ણે પ્રેરેલી સખી આવી પહોંચે છે. તે રાધાને સમજાવતાં કહેવા લાગી "સખી ! મારૂં કહ્યું માની વંજુલકુંજમાં ચાલ. ઉઠ, કાં રડે છે. જો આ વસંત રૂતુ કેવી ખીલી છે. પીયુથી રૂસણું શું ? જો તને રડતી જોઇ તારી સખીઓ હસે છે. વિલાસનો આવો રૂડો અવસર વૃથા કાં ગુમાવે છે. ચાલ તને હરિ ભેગી કરી દઉં. પ્રભુ તને ખરા જીગરથી ચાહે છે. તારા માટેજે તલસે છે, તેનોજ તું તીરસ્કાર કરે છે તેથી

તને ચંદ્ર ભાનુ સરખો લાગેછે, ચંદન વિષ સમ ભાસે છે. આ પ્રમાણે તિક્ષ્ણ વચનો કહી સખી ચાલી જાય છે.

સર્ગ ૧૦

વસ્તુઃ—વિરહથી ઘેલી બનેલી રાધા અંતરમાં શોચ કરતી બેઠી છે, ત્યાં હરિ ગદગદ કંઠે મધુર શબ્દે વિનવે છે. કે વ્હાલી રીસ ત્યાગી, પ્રણત પડેલા સેવકપર દયા કર. તુંજ મારૂં સર્વસ્વ છે. તુંજ મારા રોમ રોમ રમી રહી છે. મદન વિના કોઇને માટે આ દેહમાં સ્થાન નથી. તારો હુકમ હોયતો અળતે કરી તારા પગની પાટલી ચીતરૂં. આ કાન્ચિ ધારણ કરી તેના રણકારથી કામદેવની આણ જગાવી મુક, હૃદયરસવર્ધનીદેવી રીસ ત્યાગી આજીજી કરતા સેવકને ભુજમાં ભીડી લે. આવી રીતે મીઠા બોલથી રાધાને મનાવી ભગવાન ચાલ્યા જાય છે.

સર્ગ ૧૧

સસ્તુઃ—ભગવાનના ગયા બાદ તેમણે પ્રેરેલી સખી આવે છે. અને કહે છે હે રાધા ! રસપુંજ ભગવાન તને વંજુલકુંજમાં પધારવાનું આમંત્રણ દઈ ગયા છે. તારા માટે પુષ્પ શૈયા રચી તારી વાટ જોઈ બેસી રહ્યા છે. માટે ઉઠ, મારી સાથે જલદીથી સંચર શૃંગાર સજેલી રાધા ઘડીઓ ગણતા ભગવાનને વંજુકુંજમાં મળે છે. યુગલનો ભેટો થતાં સખીઓ આડું જોઇ કાંઈ કાંઈ મિષ કાઢી ત્યાંથી ખસી જાય છે. એકાંતમાં શ્રીકૃષ્ણ રાધાના પ્રેમરસનું આસ્વાદન કરે છે.

સર્ગ ૧૨

વસ્તુઃ—સખીઓ ગયા પછી હરિ રાધાને રીઝાવી પોતાના મનોરથ પૂર્ણ કરેછે. રતિરંગસંગરમાં રાધાના શણગાર અવ્યવસ્થીત થઈ જાય છે. વેણી છૂટી જાય છે. મનગમતા પ્રીયતમ મળવાથી વસંત વિલાસનું સુખ અનુભવે છે. વેણી છૂટી જવાથી રાધા હરિને સ્મરચમ્મરરૂપ કેશને ઓળી ઠીક કરવા કહે છે. હરિ પણ રાધાના મનોરથ પૂર્ણ કરે છે. ભગવાન પણ વસંત રૂતુમાં રાધાનો શુભ સમાગમ થવાથી પ્રસન્ન થાય છે.

ભાષાંતર કર્તા

કવિ ચક્રચુડામણિ.

જયદેવનું જીવનચરિત્ર

પૂર્વ જન્મનો વૃત્તાંત:—

આપણી પરમ પુનિત આર્યભૂમિમાં શ્રીકૃષ્ણનું જન્મ સ્થાન મથુરા નગર છે, તેમાં એક અતિ ધનવાન વણિક રહેતો હતો. તે ત્યાં રહેનારી એક અતિ લાવણ્યમયી ષોડષવર્ષીય ગણિકાના પ્રેમપાશમાં સપડાયો હતો. તે દિવસમાં એચાર વખત ગણિકાના ભુવને જતો. એક સમયે ભાદરવા માસ હતો, દશે દિશાઓ અંધકારથી વ્યાપ્ત હતી, વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો, પતિતપાવની યમુનાનું પાણી ખળખળ અવાજ કરતું રાત્રીની ભયંકરતામાં વધારો કરતું જોસથી વહન કરતું હતું, અર્ધ નિશા વીતી ગઈ હતી, આવા સમયે તે વણિક નદી પાર ઉતરી ગણિકાના ભુવને સામે કાંઠે આવ્યો. મકાનનાં દ્વાર ચારે બાજુએથી બંધ હતાં. ઉંચે દ્રષ્ટી કરતાં એક બારી ઉઘાડી દીઠી, અને તેમાંથી રેશમની દોરી જેવું લટકતું દીઠું; તે કામી વણિક તેને રસી માની સપાટાભેર ઉપર ચઢી ગયો. પ્રીય પાઠકો અને પાઠિકાઓ ! તે દોરડું નહિ પરંતુ મહા વિક્રાળ ફણિધર હતો. વરસાદને લીધે અતિ ઠંડી પડવાથી તે બારીના એક લાકડાની સાથે સજ્જડ ચૂડ ભરવી લટકતો હતો.

ઉપર જઈ ભરનિંદ્રામાં સુતેલી ગણિકાને તેણે જગાડી. આવી કરાલ રાત્રીએ વણિકને જોઇ ગણિકા આશ્ચર્ય પામી અરે અત્યારે ક્યાંથી ? મકાન

ચારે બાજુએથી બંધ છે, અને તમે અત્યારે ક્યાંથી આવ્યા. આ સાંભળી વણિક બોલ્યો, પ્રિયતમા ! તેં પેલી બારીએ દોરી લટકાવી છે તેને આધારે હું ઉપર આવ્યો છું. આ સાંભળી ગણિકા આશ્ચર્ય પામી. તપાસ કરતાં દોરીને બદલે મહા ભયંકર ફણિધર લટકતો દીઠો. આ જોઇ ગણિકાનો મોહ સંસારપરથી ઉડી ગયો. સંસાર શ્મશાન વૃત દેખાવા લાગ્યો. ઓ કામ વાસનાથી ભરેલા મૂઢ વણિક! તેં મારા માં એક ચિત્ત કર્યું તેથી સર્પને દોરી જેવો માન્યો; પરંતુ જો પ્રભુમાં એક ચિત્ત પરોવ્યું હોત તો તારો આ લોક ને પરલોક સુધરી જાત. આ ગણિકાનાં વૈરાગ્ય સૂચક શબ્દો શ્રવણ પર અથડાતાં વણિકના હૃદયનું તિમિર દૂર થયું. બેહાથ જોડી ગણિકાને નમન કરી કહેવા લાગ્યો, ભૂતકાળની મારી પ્રિયતમા ! આપણો સબંધ આટલેથી બંધ થાય છે. હવે તું મારી ધર્મ માતા છે, બસ હવે જવા દે તુંજ મારી ગુરૂ થા. તારી પાસે જો પ્રભુની છબી હોયતો આપવા કૃપા કર. ગણિકાએ ઓરડામાં લટકતી શ્રીકૃષ્ણની છબી બતાવી કહ્યું, જા પેલી રહી. તેનામાં એક ચિત્ત પરોવી તારૂં બાકીનું આયુષ્ય પૂર્ણ કર. વણિક તે છબી લઈ તરતજ નદિ કિનારે ગયો. એકાગ્ર ચિત્તે સાત દિવસ અન્ન જળનો ત્યાગ કરી હરિનું ધ્યાન ધર્યું.

અચળ ભક્તિ જોઇને. પ્રસન્ન થયા યદુનાથ
પ્રગટ થઈ દર્શન દીધાં, ભક્તને કરવા સહાય.

વત્સ બેઠો થા. હવે તું વણિક મટી બ્રાહ્મણ થયો છે; મારી આજ્ઞાથી સરસ્વતી તારી જીવ્હામાં વાસ કરશે. આનંદરસમાં રેલાવનાર હરિનાં વચનો સૂણી વણિક જાગૃત થયો. અને જુગલ કરજોડી ચરણ

કમળમાં આળોટવા લાગ્યો. હે પતિતોધ્ધારણ જગન્નિવાસ પ્રભુ મારે આનું વરદાન જોઈતું નથી. હું જ્હાઉં ત્યાં સુધી આપના ગુણ ગાઉં એવું વરદાન આપો. વણિકનાં આ વચનો સુણી યદુનાથ અત્યંત પ્રસન્ન થયા. ત્રણ જન્મ સુધી મારા સુયશ ગાજે: પહેલા જન્મમાં શૃગારનિધિ, બીજામાં કરૂણામૃત અને ત્રીજામાં ગીતગોવિંદ એ નામના ગ્રંથ રચી મારી પાસે વૈંકુંઠમાં આવજે એમ કહી હરિ અંર્તધ્યાન થયા.

શ્રીકૃષ્ણના વરદાનથી તેણે બે જન્મમાં શૃંગારનિધિ ને કરૂણામૃત નામના ગ્રંથ રચ્યા અને ત્રીજામાં જયદેવને નામે પ્રખ્યાત થઈ ગીત ગોવિંદ નામનો અપૂર્વ ગ્રંથ રચ્યો. જેની અષ્ટપદીઓ ગાવાથી મનુષ્યો રાધારમણના ચરણમાં પહોંચે છે.

ઉપર વર્ણવેલ વૃતાંત ફક્ત સિદ્ધિ શ્રીમન્મહારાજા સકળ વિદ્યા સંપન્ન સર્વ ગુણાલંકૃત, કુલભૂષણ શ્રીકૃષ્ણ કૃપાપાત્રાધિકારી સમર-વિજયી રિવાંધિપતિ રઘુરાજ સિંહજૂદેવજી પ્રણિત હિંદીભક્ત માળમાં છે. આવો વૃતાંત અન્ય કોઈ ગ્રંથમાં નથી, પરંતુ વાંચકવર્ગને ઉપયોગી થઈ પડે તે માટે, અત્રે તેને સ્થાન આપવામાં આવ્યું છે. આ વૃતાંત ભક્ત સુરદાસ યાને બિલ્વમંગળને કંઈક અંશે મળતો છે.

આપણી પરમ પવિત્ર હિંદભૂમિમાં બંગ મંડળમાં અન્ત્યા નદિને કિનારે કેન્દુબિલ્વ નામે એક ગામડું છે. ત્યાં રહેતા શ્રીમાન ભોજદેવને મંદિરે સતી વામદેવીની કૂખથી જયદેવનો જન્મ ઇ. સ. ૧૧૦૦ની આસપાસમાં થયો હતો. બાલ્યાવસ્થાથી જ તેમનો સ્વભાવ શાંત અને સરળ હતો. લઘુવયમાં જયદેવને એકલા મૂકી તેમનાં માતાપિતા

સ્વર્ગે સિધાવ્યાં હતાં, પ્રથમથીજ સંસારના વૈભવો તરફ તિરસ્કાર છૂટતો હતો. તેમની વૃતિ વૈરાગ્ય તરફ વધારે પ્રેરાયેલી હતી. પૂર્વજન્મના સંસ્કારને લીધે તે પ્રભુભક્તિમાં તલ્લીન રહેતા, અને પ્રેમભક્તિનું જ્ઞાન તેમને કુદરતી રીતેજ ઉત્પન્ન થયું હતું.

સારહિણ સંસાર, લાગ્યો કવિ જયદેવને
ત્યાગીને ઘરબાર, ચાલ્યા રહેવા જંગલે

કવિને સંસાર સારવિનાનો માલમ પડ્યો. સર્વત્ર દુઃખ દુઃખ ને દુઃખનો આભાસ થવા લાગ્યો. પછી તેણે વિચાર કર્યો, કે પ્રભુભક્તિ વિના આ વિશ્વને તરવાનો બીજો ઉપાય નથી. માટે અવસ્ય ઇશ ભક્તિમાં આરૂઢ થવું, પરંતુ સંસારમાં રહી ભક્તિ કરતાં, અનેક ઉપાધીઓ નડે માટે જંગલમાં રહી ઈશની ઉપાસના કરવી. જંગલમાં દૂર વસવાટને લીધે માયાના પ્રપંચ જગથી દૂર રહેવાય છે. એમ ધારી કવિરાજ જંગલમાં વૃક્ષની ઘટ છાયામાં ઝુંપડી બાંધીને રહ્યા, કંદમૂળાદિથી તે પોતાના શરિરનું પોષણ કરતા. એવી રીતે ઘોર અરણ્યમાં પ્રભુનું ધ્યાન ધરી દિવસો નિર્ગમન કરતા હતા. શ્રીકૃષ્ણ-પરમાત્માએ અનેકવાર પ્રસન્ન થઇ તેમને દર્શન દીધાં; આથી જયદેવને પૂર્ણ પ્રેમાનંદનો સાક્ષાત્કાર થવા લાગ્યો.

કાશીનગરમાં એક પવિત્ર બ્રાહ્મણ રહેતો હતો તેની સ્ત્રી ઘણીજ સુશીલ ને ધાર્મીક હતી. તે દંપતી પોતાનું જીવન સુખમય ગાળતાં હતાં, પરંતુ સંતાન હિન હોવાથી કોઈ કોઈવાર તેમને દુઃખનો સાક્ષાત્કાર થતો હતો. "ખરેખર બાળકો વિનાનું ગૃહ સ્મશાન સમાન છે,

બાળકો વિનાનો સંસાર રસહિન છે, વંધ્યા સ્ત્રીએ જગતમાં અવનવાં મેણાં સહેવાં પડે છે. ધન્ય છે તે ગૃહને જેમાં બાળકો નિશદિન કિલકીલાટ કરી આનંદ માણે છે."

"બાલ વિનાનાં મંદિરો, ભાસે રાન સમાન,
"કંટક સમ લાગે બધો, બાલહિણ સંસાર.

તે બ્રાહ્મણપત્ની સંતાન વિના આક્રંદ કરી દિવસ ગાળતી હતી. એક સમય તે દંપતી જગન્નાથપુરીમાં શ્રીજગન્નાથ પ્રભુનાં દર્શન કરવા માટે આવ્યાં.

કર જોડી વિનતી કરી, દો હે હરિ સંતાન
જે થાશે તે આપને, અરપીશું ભગવાન.

બન્ને જણાં આ પ્રમાણે સ્તુતિ કરી કાશીપુરીમાં આવ્યાં. તેમને શ્રી જગન્નાથ પ્રભુની કૃપાથી એક કન્યા રત્નેની પ્રાપ્તી થઈ. તેનું નામ તેઓએ પદ્માવતી પાડયું.

"ધન્ય છે આ બ્રાહ્મણ પત્નીને! હાલમાં તો ઘણી સ્ત્રીઓ બાળકો માટે અનાચાર કરે છે અને તેમાં અન્ય તેમજ ગૃહનાજ માણસો સંમતી આપે છે. વ્યભીચારાદિ પાપોમાં પડતાં ઇશ્વરનો ડર પણ રાખતી નથી. સત કોટિ ધિક્કાર છે એવી કુલટાઓને !"

પદ્માવતી જ્યારે દશ વર્ષની થઈ ત્યારે તે બ્રાહ્મણ દંપતી જગન્નાથપુરીમાં આવ્યાં. જગન્નાથ પ્રભુને પોતાની પ્રાણાધિક પુત્રી

અર્પણ કરી, તે દંપતી પોતાના મુકામે આવ્યાં. રાત્રે ઉંઘમાં તે બ્રાહ્મણને સ્વપ્નું આવ્યું; સ્વપ્નામાં શ્રી જગન્નાથે આજ્ઞા કરી કે, હે દ્વિજોત્તમ કેન્દુબિલ્વ નામે એક ગામ છે ત્યાં અરણ્યમાં મારો પરમ ભક્ત જયદેવ મારૂં જ ધ્યાન ધરી પર્ણકુટીમાં જીવન ગુજારે છે, ત્યાં જઇ તારી પુત્રીને તેની સાથે પરણાવ. જા મારી આજ્ઞા છે. પ્રભુની તે આજ્ઞા શિરે ચઢાવી તેઓ કેન્દુબિલ્વની નજીક આવેલા અરણ્યમાં તપ કરતા જયદેવ પાસે આવ્યાં, અને પદ્માવતીનું પાણી ગ્રહણ કરવા કહ્યું. જયદેવ બોલ્યા હે બ્રાહ્મણ દંપતી હું સંસારથી વિરક્ત છું, માયાની જાળમાં ફરીથી લપટાવા ઇચ્છતો નથી, મારે ધન નથી, ગૃહ નથી, તેમ સુતસુતાદિક પણ નથી. તારી પુત્રી અહીયાં શું સુખ પામશે. મને નિસાર સુખની અપેક્ષા નથી. અઘોરવનમાં વસી પરમાત્માનું ધ્યાન ધરૂં છું. તમારી આ એકની એક પુત્રીને તેના જીવનને સ્વર્ગીય બનાવે તેવા સજ્જન સાથે પરણાવો. મારી આશીશ છે કે તેનો ગૃહસંસાર સુખમય નીવડો. જયદેવનાં આ કારમાં વચનો સાંભળી બ્રાહ્મણ ગભરાયો, અને કર જોડી વીનતી કીધી હે ભક્તશિરોમણિ જયદેવ હું આપને મનથી મારી કન્યા અર્પી ચુક્યો છું, માટે તેનું પાણી ગ્રહણ કરી જીવનને સ્વર્ગીય અને સુખમય બનાવો.

હું જન્મથી જ ભીખારી છું. હું વીનંતી કરૂં છું કે તમારી પુત્રીને બીજા સાથે પરણાવો. મને સંસારથી વિરક્ત રહેવા દો. આવાં જયદેવનાં કારમાં વેણ સાંભળી બ્રાહ્મણ દંપતી ગભરાવા લાગ્યાં. હે ભક્તરાજ! જગન્નાથ પ્રભુની આજ્ઞા છે કે તમે અમારી પુત્રીનું પાણી ગ્રહણ કરો. અમારા દિલને નાહક દુભાવો નહિ. આપ વિના અન્યને અમારી પુત્રી પરણશે જ નહિ. એમ બોલી તેઓ જયદેવની સન્મુખ એ

હાથ જોડી ઉભા રહ્યા. માતા પીતાને આવી રીતે ગભરાયેલા જોઈ સુબુદ્ધિવાન પદ્માવતી જયદેવને કહેવા લાગી "હે નાથ સંસારમાં સુખ ને દુઃખ સાથે વસે છે. સુખ અગર દુઃખ અનુભવવું એ આપણા પોતાના હસ્તમાં છે. બ્રહ્મચર્યાશ્રમ પછી ગૃહસ્થાશ્રમની જરૂર છે. યોગ્ય અધિકાર પ્રાપ્ત થયા સિવાય સંસારનો ત્યાગ થતો નથી. ગૃસ્થાશ્રમની શ્રેષ્ઠતા પરાપૂર્વથી જ છે તેથી ગૃહસ્થાશ્રમી થવામાં પાપ નથી. આ વિશ્વમાં પૂર્વે પુરૂષ અને પ્રકૃતી બેજ હતાં. તેમનું જોડાણ થયેથી આ વિશ્વની ઉત્પતી થઈ છે. આપના જેવા વિચારના સર્વ હોય તો સંસારનું અસ્તિત્વ અવશ્ય અમુક દિવસમાં નાશ પામ્યા વગર રહેજ નહિ. રામકૃષ્ણ જેવા સાક્ષાત ઇશ્વિરાવતાર પણ ગૃસ્થાશ્રમી હતા. કર્દમ, જમદગ્ની, ચ્યવનાદિ રૂષી મુનીઓનાં જીવન ચરિત્રો યાદ કરો તેઓ પણ ગૃસ્થાશ્રમી હતાજ. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ્વર પણ લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થયા છે."

"ગૃહસ્થાશ્રમનો આરંભ લગ્નથી જ થાય છે માટે લગ્ન કરવું આવ્યશક છે. લગ્નથી જીવન પ્રેમમય, શાંતિમય, અને પ્રભુમય બને છે જ્યારથી પરમાત્માએ પૃથ્વીને ઉત્પન્ન કરી મનુષ્યોને સરજાવ્યા ત્યારથી તેઓમાં અપૂર્ણતા રહેલી છે. તે અપૂર્ણતા જ્યારે તેઓ લગ્નથી જોડાય છે ત્યારેજ પૂર્ણ થાય છે."

"શાસ્ત્રકારેએ લગ્ન કરવા આજ્ઞા કરી છે. મનુષ્યના જીવનનો પાયો ખરેખર લગ્નજ છે. લગ્ન એ દૈવી સમબંધ છે. સૃષ્ટીના આરંભકાળથીજ લગ્નની જરૂરીયાત સ્વીકારાઇ છે. એવા અનેક દાખલાઓ શાસ્ત્રોમાંથી જડી આવે છે. જ્યાં નારીયોની પૂજા થાય છે ત્યાં

દેવતાઓ વાસો કરે છે. સ્ત્રી વિના જીવન સુખમય બનતુંજ નથી." હવે તો આપજ મારા પતિછો. મારી સાથે લગ્ન કરો યા મને એકલી સંસારમાં રઝળતી મૂકો. આ દેહનું લગ્ન અન્ય પુરૂષ સાથે થશેજ નહિ.

પદ્માવતીના અત્યાગ્રહને લીધે જયદેવે તેની સાથે લગ્ન કર્યું. નાની મઢુલીમાં તે ભક્ત દંપતી પોતાનું જીવન પ્રભુ ભક્તિમાં ગાળવા લાગ્યાં. કવિરાજને વિચાર થયો. કે જો એકાદ અપૂર્વ ગ્રંથ રચી રાજાને અર્પણ કર્યો હોય તો નિર્વાહ માટે કાંઇક રકમ મળે. આવા વિચારથી ગીત ગોવિંદ નામનો ગ્રંથ જયદેવ રચવા લાગ્યા. રચતાં રચતાં **स्मर गरल खंडनं मम शिरसि मंडनं** આ પદ આવ્યું ત્યાં જય-દેવ અટકયા. ઘણા વિચાર કર્યા પણ પદ બેઠું નહિ, એટલે તેઓ સ્નાન કરવા માટે નદી કિનારે ગયા, ત્યારે ભક્તવત્સલ ભગવાન જયદેવનું સ્વરૂપ ધરી પૂર્ણકુટીમાં આવ્યા, અને બાકી રહેલું પદ પુરૂં કર્યું.

થોડા વખત પછી જયદેવ સ્નાન કરીને આવ્યા. પુસ્તક તરફ નજર કરતાં પદ પુરૂ થયેલું જોયું, અરે મારૂં પુસ્તક કોણે ખોલ્યું, દેવી ! શું તમે આ પદ પુરૂં કર્યું છે. નહિ નાથ મારી શી શક્તિ છે, કે હું આ પદ પુરૂં કરૂં. આપ જ થોડા વખત પહેલાં આવી પદ પુરૂં કરી ચાલ્યા ગયા હતા. પદ્માવતીનો આ જવાબ સાંભળી જયદેવ આશ્ચર્ય પામ્યા. હરિ ! હરિ !! આ દિન ભક્તને કારણે આપને તસ્દી લેવી પડી. એમ બોલી પ્રભુનો પાડ માન્યો. પછી ગીત ગોવિંદ નામનો આખો ગ્રંથ રચી પ્રભુનો મહિમા જગતમાં ફેલાવ્યો. સર્વે મનુષ્યો ગીત ગોવિંદ ગાવા લાગ્યા. તે દેશના રાજાએ પણ ગીત ગોવિંદ

નામનો ગ્રંથ રચ્યો હતો. તેણે પંડિતોને પોતાનો ગ્રંથ પ્રચલિત કરવા કહ્યું. પંડિતોની સભાએ જયદેવના ગીત ગોવિંદને શ્રેષ્ટ પદ આપ્યું. આથી રાજા ને પંડિતો વચ્ચે ઘણો વાદવિવાદ થયો બંન્ને પક્ષે આખરે એક મત થઇ બેઉ પુસ્તકો શ્રી જગન્નાથ પ્રભુને એક સોનાના થાળમાં મકી અર્પણ કર્યા. પ્રભુએ જયદેવના ગીત ગોવિંદને છાતી સરસુ ચાંપ્યું. આ જોઇ રાજાનું મુખ નિસ્તેજ બની ગયું અને સમુદ્રમાં ડુબી મરવાનો વિચાર કર્યો, ત્યાં આકાશ વાણી થઇ હે રાજા શોક માં કર. બારે સર્ગમાં તારો એકેકો શ્લોક કાયમ રહેશે. આ દેવ વાણી સાંભળી રાજા પસન્ન થયો. પછી તેણે ગીત ગોવિંદમાં મૂકવા માટે બાર ઉત્તમ શ્લોક બનાવ્યા. અને કવિ જયદેવને પુષ્કળ દ્રવ્ય આપી વીદાય કર્યા.

દ્રવ્યને લઇ ચાલતાં ચાલતાં ભકતરાજ અરણ્યના ગાઢ અંધકામય ભાગમાં આવ્યા. ત્યાં તેમને ચાર ચોરનો ભેટો થયો. કવિથી ભાર નહિ ઉચકી શકવાથી તે ચોરને દ્રવ્ય ઉચકવા માટે આપ્યું. ચોરોએ જયદેવને મારી નાંખી દ્રવ્ય લઇ નાસી જવાનો વિચાર કર્યો. આગળ ચાલતાં રસ્તામાં એક કુવો આવ્યો તેમાં જયદેવને નાંખી દઇ ચોરો ચાલતા થયા. આખી રાત્રી મહા દુઃખમાં ભકતરાજે વીતાવી. સ્થીતી બહુ હૃદયદ્રાવક થઇ, પરંતું મહા જ્ઞાની કવિ પ્રભુગુણ ગાવામાંજ તલ્લીન રહ્યા, અને પ્રભુનો ઉપકાર માનવા લાગ્યા

માયાથી મુજને મુક્ત કર્યો પ્રભુ
પ્રીતે થાશે રટણ દીન રાત જો
છોડાવ્યો મુજને હરિ ઉપાધીથી
માનું તારો પાડ યદુનાથ જો

માયાના.—

એટલામાં ત્યાંથી પસાર થતા તેજ દેશના રાજાના કર્ણપર કવિનું મધુર ગાન અથડાયું. અહો અત્યારે આ નિર્જન અરણ્યમાં પ્રભુ ગુણ કોણ ગાતું હશે. એમ વિચાર કરતો કરતો રાજા કુવા પાસે આવ્યો; તો તેમાં જયદેવ કવિને પ્રભુ ગુણ ગાવામાં તલ્લીન દીઠા. રાજાએ કવિને બહાર કાઢયા અને સાથે લઈ જવા નિશ્ચય કર્યો. રાજાના અત્યાગ્રહને વશ થઇ જયદેવ તેમની સાથે જવા સંમત થયા. પ્રભુનો પાડ માની કહેવા લાગ્યા.

અકળ કળા અવિનાશી તારી રે,
કળી શકાય ના જરીયે રે,

ભકતોને ઉદ્ધારવા,
આવો અવિનાશી રે,
કરૂણા નિધિ વિશ્વ કેરા પાલક રે,
કળી શકાય ના જરીયે રે: અકળ.

દુઃખીને ઉગારવા,
વ્યાપી રહ્યા અવનીમાં રે,
આપ ગુણોને કથવા નથી મતી મારી રે,
કળી શકાયના જરીયે રે:— અકળ.

અહા પ્રભુ આપની શી અકળ કળા. આપની ગતી અગાધ છે.

રાજા કવિને લઇ પોતાની રાજધાનીમાં આવ્યો. અને રહેવા માટે એક સુંદિર રાજમહેલ આપ્યો. અમાત્ય મંડળમાં તથા અંતઃપુરમાં કવિ પોતાની કવિત્વ શક્તિથી પ્રીય થઇ પડ્યા.

રાજાની કૃપાથી જયદેવ સુખમાં મગ્ન છે; પરંતુ સતી પદ્માવતી અરણ્યમાં પોતાના દિવસો નિર્ગમન કરે છે, ત્યાં એક દિવસ કોઇ એક નગરનો રાજા શિકાર કરવા અર્થે આવી ચઢયો. મઢુલીમાં ધ્યાનસ્થ પદ્માવતીને જોઈ રાજા મોહિત થયો. અહો આ ઘોર જંગલમાં ધ્યાન ધરી શરીરને કષ્ટ પમાડતી સુંદરી કોણ હશે ? આવું અનુપમ રૂપ મેં વિશ્વમાં કોઇ જગ્યાએ નિહાળ્યું નથી. ખરેખર તે રાજભુવન શોભાવે તેવી છે.

અનેરી કાંતિથી અહા !, જીગર તલસાય છે મારૂં,
અહા મુખ શોભતું કેવું, મનોહર ચંદ્રના જેવું;
હરણ સમ આંખ છે તેની, અરૂણ રંગી અધર દીસે,
ધર્યો છે શ્વેત સાલુડો, અહા શું ઓપતો અંગે.
વિધિએ તો ઘડી આને, ખરે નવરાશને વખતે,
જીગર લલચાય છે મારૂં, નિરખતાં આ સલુણીને.

અહો ! સૌંદર્ય વનમાં મહાલતી, મુગ્ધાવસ્થામાં ભગવાં ધરનાર રમણી, આવું અઘોર તપ કરી શરીરને કેમ કષ્ટ આપે છે ? તારા સાનીધ્ય ઉભેલા અતિથી સામો દ્રષ્ટિપાત કર. તારા જેવી કોમળાંગીએ તપ કરી શરીરને કષ્ટ આપવું ઘટતું નથી. તું રાજરાણીના પદને યોગ્ય છે. એટલામાં પદ્માવતી ધ્યાનમાંથી જાગી. સામે ઉભેલા કામી રાજાને જોઇ આશ્ચર્ય પામી કહેવા લાગી, "આવા અઘોર જંગલમાં મારી સામે ઉભા રહેનાર આપ કોણ છો ? આપને અત્રે આવવાનું શું પ્રયોજન છે ?

શીકાર અર્થે જંગલમાં જતાં હું આ રસ્તે આવી ચઢ્યો છું, તેવામાં આપને આ પર્ણકુટીમાં ધ્યાનસ્થ જોઈ મારા મનમાં અનેક તરંગો ઉત્પન્ન થયા, કે મુગ્ધાવસ્થામાં ભગવાં ધરવાનું શું કારણ ? આપને હરકત ના હોય તો કહેવા કૃપા કરશો. રાજાએ જવાબ આપ્યો.

રાજન ! હું બ્રાહ્મણ પત્નિ છું. મારા સ્વામી ઘણા દિવસથી રાજ્યદ્વારે ગયા છે, પરંતું તેમના કુશળ સમાચાર હજુ સુધી મને મળ્યા નથી. હું તેમનીજ ચિન્તામાં મારા ઈષ્ટદેવ ગૃહનાથનું ધ્યાન ધરી દિવસો નિર્ગમન કરૂં છું. પદ્માવતીએ લજ્જાયુક્ત જવાબ આપ્યો.

આ સાંભળી રાજા પશ્ચાતાપ કરવા લાગ્યો હરિ ! હરિ ! આ શા વિચારો ! આ બ્રાહ્મણ પત્નિ માટે મારા મનમાં કુવિચારો હરિ! હરિ! ક્યા ભવે છૂટીશ એવા વિચારો કરતો રાજા પદ્માવતીની અનુજ્ઞા લઈ ત્યાંથી વિદાય થયો છે ! ધન્ય છે. સતી પદ્માવતીને. ધન્ય છે "આવા બ્રાહ્મણ ઉપર દયા રાખનાર રાજનને !"

તેના ગયા બાદ પદ્માવતી વિચાર કરવા લાગી હજુ સુધી મારા ગૃહનાથ પાછા કેમ નહિ ફર્યા હોય ? શું તેમને માર્ગમાં સંકટો નડયાં હશે ? તેમની શી સ્થીતી હશે. દયાનિધાન, કરૂણાસાગર કૃપા કર. મારા ગૃહનાથથી મને જલદી મેળવ.

વિભુ વ્હારે વ્હેલા આવોરે, પાયે પડું
દયા ઉરમાં લાવો વ્હાલા, પાયે પડું

અનાથ કેરા નાથ છો,
દુઃખીના આધાર છો,
પતિથી મુને ભેટાવોરે— પાયે પડું. વિભુ.

પ્રાણથી અતિ પ્યારા,
વ્હારે ચઢોને વ્હાલા,
તમ વિના નથી આધારરે પાયે પડું. વિભુ.

પતિ વિયોગે દુઃખી હું,
હૃદય દુભાયે મારૂં,
પ્રભુ વ્હારે વ્હેલા આવોરે— પાયે પડું. વિભુ.

આવી રીતે અહરનીશ વિલાપ કરતી પદ્માવતી મઢુલીમાં પોતાના દિવસો નિર્ગમન કરતી હતી. રાજાને વિચાર થયો કે કવિને જો પુત્રાદિ હોય તો અહીં તેડી મંગાવું; કવિને પૂછતાં તેમણે જણાવ્યું કે ઘોર અરણ્યમાં સતી પદ્માવતી નામે મારી સુશીલ ધર્મપત્ની મારૂં ધ્યાન ધરી બેસી રહી હશે. પ્રભુ જ તેની સંભાળ લેતો હશે.

કવિની પ્રભુપર આટલી આસ્થા જોઈ રાજા ઘણો જ પ્રસન્ન થયો. પદ્માવતીને તેડી લાવવા ગાડીઘોડા, દાસદાસી, વીગેરે મોકલ્યું. પદ્માવતી હર્ષથી તેમની સાથે પોતાના પતિ પાસે આવી, અને પોતાના ગૃહનાથ સાથે પ્રભુભક્તિમાં તલ્લીન થઇ.

એક દિવસ પ્રભાતમાં મંદીરનાં દ્વાર ખોલતાં મુખીયાને શ્રી જગન્નાથ પ્રભુના વાઘા ફાટેલા દેખાયા. તેણે તરતજ રાજાને

જાણ કરી. આ સૂણી રાજા તરતજ મંદીરમાં આવ્યો, રાજા પણ વિસ્મય પામ્યો. રાત્રે રાજાને સ્વપ્નું આવ્યું, કે જયદેવ પ્રણિત ગીત ગોવિંદ મને અતિ પ્રીય છે, જે મનુષ્ય શુદ્ધ ભક્તિભાવથી તેની અષ્ટપદીઓ ગાય છે, તેની પાછળ પાછળ હું ભમું છું, આ નગ્રમાં ગઇ કાલે એક માલણ કુમારી ધીર સમીરે થી શરૂ થતી અષ્ટપદી ગાતી હતી, તેની પાછળ પાછળ હું આખી રાત બગીચામાં ફર્યો, તેથી કાંટાં વગેરેને લીધે મારાં વસ્ત્ર ચીરાઇ ગયાં છે. એમ બોલી જગન્નાથ પ્રભુ અંતર્ધ્યાન થયા. રાજાએ માલણ કુમારીને ધન્યવાદ આપ્યો અને નગ્રમાં ડાંડી પીટાવી કે " હે નગરજનો ગીત ગોવિંદને સુંદીર સ્થળ સિવાય બીજી કોઇ પણ જગ્યાએ ગાવું નહિ. આ કાયદાનો ભંગ કરનારને સખ્ત સજા કરવામાં આવશે.

આ અહેવાલ એક મુગલે સાંભળ્યો; અને તે એક પંડિત પાસેથી ગીત ગોવિંદ શીખી તુરંગ ઉપર ચઢી આખા નગ્રમાં આમ તેમ ફરી અષ્ટપદીઓ લલકારવા માંડી. ખાનપાનનો ત્યાગ કરી ત્રણ દિવસ સુધી તે આખા નગ્રમાં ભટક્યો, પરંતું હરિનાં દર્શન થયાં નહિ. ચોથે દિને તેણે ગાવું બંધ કર્યું, કે તરતજ પાછળ પાછળ ફરતા હરિ અંતર્ધ્યાન થયા અને તુરતજ તુરંગ મૃત્યુ પામ્યો. મુગલ પણ આ જોઈ મહા ગ્લાની પામી મૂર્છા ખાઇ જમીનપર પડ્યો. શ્રીયદુનાથ ભગવાને તરતજ તેની પાસે આવી, તેના બેઉ કર પકડી બેઠો કર્યો. મુગલ હરિનાં દર્શન કરી કૃતાર્થ થયો. હે નાથ આપની શોધમાં હું ત્રણ દિવસ સુધી ગીત ગોવિંદ ગાતો ગાતો આ નગ્રમાં ફર્યો, પરંતું આપના દર્શન પામ્યોજ નહિ. આ સાંભળી યદુનાથ બોલ્યા હે મુગલ ગીત ગોવિંદનો પ્રભાવ અદ્ભુત છે. હું તારી પાછળ પાછળજ

ફરતો હતો. તેથી તેં મને જોયો નહિ હોય. તારી તારા તુરંગ સાથે જે દેવને પણ દુર્લભ છે, તે ગતિ પ્રાપ્ત થાવ. એમ વરદાન આપી હરિ અદશ્ય થયા. હરિનો મહિમા અપાર છે. તેનો પાર પામવાને બ્રહ્મા પણ સમર્થ નથી. ગીત ગોવિંદનો મહિમા પણ અપૂર્વ છે, એ ઉપરના દૃષ્ટાંતથી જણાશે.

જયદેવને રાજાએ પોતાના ગુરૂ તરીકે માન્યા. કવિની આજ્ઞા મુજબ તેણે જળાશયો, ધર્મશાળા, અનક્ષેત્રો વીગેરે ઘણાં જ બંધાવ્યાં. એક સાલ સકળ બંગમંડળમાં ભારે દુકાળ પડવાથી અન્ન જળ વિના મનુષ્યો ને પશુઓ ત્રાસ પામવા લાગ્યાં, રાજાએ કવિના કહે-વાથી પોતાના અન્નભંડાર ખુલ્લા મુકયા. લોકોને છૂટે હાથે અન્ન આપવા માંડ્યું, સાધુ સંત આવે તો રાજા તેમની સેવા કરવા ચૂકતો નહિ. આથી રાજાની કિર્તી ચારે દિશાએ ફેલાઈ રહી. એક દિવસ જે ચાર ચોરોએ જયદેવને લુંટયા હતા તે ચારે જણા સાધુના વેશે રાજા પાસે આવ્યા જયદેવે તો તરતજ તેમને ઓળખી લીધા, પરંતુ રાજાને આજ્ઞા કરી કે આ મારા સ્નેહી છે તેમને સુંદીર મકાનમાં ઉતારો આપો.

ચારે ચોરોએ ઘણા દિવસ સુધી નાનાવિધ ભોગ વિલાસો ભોગવ્યા. એક દિવસ તેમને વિચાર થયો કે જે રાજાનો ગુરૂ છે તેને તો આપણે ખાડામાં નાંખી નાસી ગયા હતા. જરૂર આપણને દગો દઈ મારી નંખાવશે માટે અહીં વધારે વખત રોકાવામાં સાર નથી, તેથી તેઓ ચારે જણા જયદેવ ને રાજાની આજ્ઞા લઈ પોતાના માર્ગે ચાલતા થયા. રાજાએ તેમને જતી વખતે અનગળ દ્રવ્ય આપ્યું, અને

નોકરોને થોડે સુધી વળાવા માટે મોકલ્યા. રસ્તામાં રાજાના ચાકરોએ ચોરોને પૂછ્યું કે તમારે ને રાજાના ગુરૂને શી પીછાન છે ? તેથી રાજાએ તમારો આટલો બધો સત્કાર કર્યો. ચોરોએ જવાબ આપ્યો.

ગયા એક રાજા તણા દ્વાર પાંચે,
અમોને દીધી નોકરી રાજવીએ;
કરી ખૂન રાજા તણું, દ્રવ્ય લુંટી,
ઉભી ચોટ નાઠા અમે ભૂવનેથી.

પરંતુ એટલામાં તો સીપાઈને ખબર પડવાથી અમે પકડાઇ ગયા, અને અમને ફાંસીની સજા ફરમાવવામાં આવી. પરંતુ અમારા સુભાગ્યે અમે ચાકરોનું ખૂન કરી નાસી છૂટ્યા. તમારા રાજનની કચેરીમાં મહાસીદ્ધ થઈ બેઠેલો જયદેવ અમારો મિત્ર છે. તેણેજ અમને મહેમાન ગતીએ બોલાવ્યા હતા. ઉઘાડા પડી જવાની બીકથી તેણે અમોને પુષ્કળ દ્રવ્ય આપી વિદાય કર્યા. આ અસત્ય વાણી બંધ થતાંજ પૃથ્વીમાં તુર્ત ફાટ પડી ને ચારે ચોર તેમાં સમાઇ ગયા.

રાજાના ચાકરોએ આ વાત રાજાને કહી. કવિ જયદેવ પણ ત્યાં બેઠા હતા. આ ખબર સાંભળી મહા પશ્ચાતાપ કરવા લાગ્યા. જયદેવની આવી શોચનીય સ્થીતી જોઇ રાજા પણ શોક સાગરમાં ડુબી ગયો; રાજાના અત્યાગ્રહથી જયદેવે ચોરનો સર્વ વૃતાંત રાજાને કહ્યો. ધન્ય છે ધન્ય છે કવિરાજને એવા ધન્યવાદના શબ્દો દરેક

જણના મુખમાંથી બહાર નીકળી પડ્યા. "સાધુ પુરૂષો સાધુતા ત્યાગતા નથી; તેમ દુર્જન દુષ્ટતા ત્યાગતા નથી. સંત પુરૂષોનું ભગવાન હમેશાં રક્ષણ કરે છે. દુષ્ટને તેની દુષ્ટતાનું ફળ મળ્યા વગર રહેતુંજ નથી."

એક દિવસ એક પાખંડી સાધુ રાજમંદિરના દ્વારપર આવ્યો. ત્યાં તેણે મહેલની અગાસી પર ઉભેલી રાજકુમારીને જોઇ. તેનું અનુપમ રૂપ જોઇ તે મોહીત થયો. કામદેવનાં બાણનો તે ભોગ થઇ પડ્યો. રાજકુમારીને કેવી રીતે મેળવવી તે માટે યુક્તી ગોઠવવા લાગ્યો રાજ્યમંદિરના નોકરને કહ્યું કે રાજાને ખબર કર કે એક સાધુ અંદર આવવા માટે રજા માગે છે. જો નહિ જાય તો તારા રાજાના માથે મહાન સંકટ આવી પડશે. દ્વારપાળ આ સમાચાર સાંભળી રાજા પાસે ગયો. રાજાએ તે પાખંડી સાધુને અંદર આવવાની રજા આપી. રાજાએ પોતાના ટેક પ્રમાણે તેનું યથાવિધિ પૂજન કરી સત્કાર કર્યો અને બે કર જોડી તે સાધુની સાનિધ્ય તેની આજ્ઞા સાંભ-ભળવા ઉભો રહ્યો. હે રાજન તારી કુમારીનો તું સત્વર ત્યાગ કર. ઝાઝો વખત રહેશે તો તારા રાજ્યની પાયમાલી થશે. પ્રજાનું હીત વિચારવું એ રાજાની પહેલી ફરજ છે. પ્રજાને લીધેજ રાજ્ય ચાલે છે. અનેક જણાનું ભલું થતું હોય તો એક જણને ત્યાગવામાં દોષ નથી એમ શાસ્ત્ર કહે છે. માટે સત્વર એક મજબુત પેટી બનાવી તેમાં તારી પુત્રીને ઉંઘતી પુરી દઇ ગંગાના પ્રવાહમાં તરતી મૂકી દે. મારી આજ્ઞા પ્રમાણે વર્તવામાં તારૂં સુખ સમાયેલું છે, નહિ તો ઇશ્વરી કોપ તારા ઉપર ઉતરશે.

રાજા સાધુનો વચનો સાંભળી શોકમાં ડુબ્યો. ચાકરોને એક મજબુત પેટી તૈયાર કરી રાખવા માટે કહ્યું. રાત્રીના સમયે સાધુની આજ્ઞાથી સંત સેવામાં અંધ શ્રદ્ધાવાળા રાજાએ પોતાની પ્રાણાધિક પુત્રીને ઉઘતી પેટીમાં પૂરી દઈ ગંગાના પ્રવાહમાં તરતી મૂકી દીધી. પેટી તરતી તરતી એક નગરમાં જ્યાં પ્રભાત સમયે રાજકુમાર સ્નાન કરતો હતો ત્યાં પથ્થર સાથે અફળાઇ. બાવાને ખબર મળવાથી તે પેટીની પાછળ પાછળ અતિ તીવ્ર ગતિથી આવતો હતો. પરંતુ પવનના વેગથી પેટી ઘણે દૂર નીકળી જવાથી તે પહોંચી શક્યો નહિ. રાજકુમાર આ પેટીને પોતાના દિવાન ખાનામાં લઇ ગયો; ઉઘાડતાંજ તેની દષ્ટી અનુપમ લાવણ્યમયી સુંદરી પર પડી. શુદ્ધીમાં લાવવાના અનેક ઉપચારો કરવામાં આવ્યા થોડા વખત પછી તે શુધ્ધીમાં આવી પોતાની સર્વ હકીકત રાજકુમારને કહી. રાજકુમારે તેની સાથે લગ્નગ્રંથથી જોડાયો અને તેણે પેટીને તેમાં એક મજબુત રીંછ પુરી નદીના પ્રવાહમાં તરતી મૂકી દીધી. બાવો પણ ધીમે ધીમે પેટી પાસે આવી પહોંચ્યો પેટીને જોઇ તે હર્ષ સાગરમાં ડુબી ગયો. એકાંત જગ્યામાં જઇ તેણે પેટી ઉઘાડી. ઉઘાડતાંજ રીંછે તેનાં નાક, કાન, કરડી ખાધાં. બાવાનું મૃત્ય શરિર જંગલમાં પડી રહ્યું. "ખરેખર દુષ્ટ કામનો બદલો પ્રભુ આપ્યા શિવાય રહેતો નથી."

એક સમય સતી પદ્માવતી અંતપુરમાં રાણીઓ સાથે વાતો કરતી બેઠી હતી ત્યાં થોડા વખત પહેલાં પટરાણીનો ભાઇ મરણ પામ્યો હતો, ને તેની પાછળ તેની સો સ્ત્રીયો સતી થઈ હતી તે ઉપર રસભરી ચર્ચા રાણીઓ વચ્ચે ચાલી. પણ પદ્માવતી આ બધું મુંગે મોઢે સાંભળ્યા કરતી હતી. આ જોઈ રાણીએ પૂછ્યું કે તમે કેમ કાંઈ બોલતાં નથી.

તમારો આ બાબતમાં શો મત છે. રાણીના આગ્રહને વશ થઈ પદ્માવતી એ જવાબ આપ્યો આપના ભાઇની રાણીયો સતી થઇ ખરી પરંતું તેઓને બળાત્કારથી સતી થવાના જરૂર પડી હતી. તેઓ કાંઇ પતિવ્રતા ગણાય નહિ. "જે સ્ત્રી પોતાના પતિનું મૃત્યુ સાંભળી પ્રાણ તજે નહિ તે શુધ્ધ સતી કહેવાય નહિ" આ સાંભળી પટરાણીને ઘણો ક્રોધ ચઢયો. અને પદ્માવતીનું સતીત્વ જોવા યુક્તી ઘડવા માંડી.

એક સમય રાજા જયદેવને સાથે લઇ શિકારે ગયો હતો, તે સમયે રાણીએ આગળ ગોઠવી રાખેલા પ્રપંચ પ્રમાણે એક ચાકરે આવી ખબર આપ્યા, કે જયદેવને જંગલમાં વાઘે ફાડી ખાધા. પદ્માવતી પણ આ સમયે તેમની પાસેજ બેઠી હતા. આ ખબર સાંભળતાંજ જેમ પવનના સપાટાથી કદળીવૃક્ષ જમીન ઉપર પટકાઈ પડે તેમ મૂર્છીત થઈ ધરણીપર ઢળી પડી. પ્રાણ પરલોકમાં પહોંચી ગયો. આ બનાવ જોઇ રાણી વીગેરે ગભરાઇ ગયાં. રાજ્ય મહેલમાં રડારોળ ચાલી રહી; રાણીને પણ પશ્ચાતાપ થવા લાગ્યો. એટલામાં રાજા અને જયદેવ ત્યાં આવી પહોંચ્યા. પદ્માવતીની શોકજનક સ્થીતી જોઇ જયદેવ ગળગળા બની ગયા. રાજા પણ વિલાપ કરવા લાગ્યો. ભક્ત રાજે કરૂણા ભરેલ સ્વરથી લલીત લવંગ લતા થી શરૂ થતી અષ્ટપદી ગાવા માંડી. અષ્ટપદી પુરી થતાં, જનસમુદાયની સમક્ષ જાણે ઘોર નીંદ્રામાંથી જાગ્રત થતી હોય. તેમ બેઠી થઇ; રાજા વિગેરેને જોઇ શરમાઇ ગઇ; જયદેવને પ્રણામ કરી રાણી સમુદાયમાં જઇ ઉભી રહી.

આ આશ્ચર્ય જોઇ સર્વે દિગમુઢ બન્યાં. આ સર્વે **પ્રતાપ**

ભક્ત દંપતીની પ્રભુતાનોજ છે. રાજા રાણીએ સતીના ચરણે પડી માફી માગી. પદ્માવતીએ વણ મંકોચે માફી બક્ષી. પછી ભક્ત દંપતી પ્રભુ ભક્તિમાં પોતાનું આયુષ્ય વીતાવી હરિ ચરણમાં જઇ પહોંચ્યાં.

એવું શ્રી જયદેવનું, દિસે ચરિત્ર અપાર.
તેને મેં સંક્ષેપમાં, ભાખ્યું મતિ અનુસાર.

ભાષાંતર કર્તા.

શ્રી ગોપીજનવલ્લભાય નમઃ

ગઝલે ગીત ગોવિંદ

પ્રસ્તાવના

" ગગન ઘન, ઘોર છે રાધે; વને છાયા તમાલોની;
બીહે મુજ કૃષ્ણ લાડીલો; ભયંકર રાત્રીએ આવી.
ગમન કર સાથ તું એની, સૂણી આ નંદની વાણી;
વિચરતાં કુંજ જામેલી, જુગલની ધન્ય તે લીલા.

* * * * *

સરસ્વતીની વિભૂતિને, સુહાવી ઉર પર સ્નેહે;
સતી પદ્માવતી ચરણે, મ્હલાવી આ કવિતાને.
રવિ સુતા પતિ કેરી, રતિકેલિ કથા સાથે;
રચ્યાં સંદર્ભ જયદેવે, રૂડી રીતે અતિ પ્રીતે,

* * * * *

રમે ઉર જો હરિ ચરણે,
અગર વિલાસમાં મોહે;

મધુરાં કાંત આ કવન,
ધરો જયદેવનાં ઉરે.

*　　*　　*

ઉમાપતિ ને કવિ ધોયી, તણી કવિતા બહુ વાંચી,
ભરેલી શબ્દભંડારે કવિતા શર્ણની સૂણી;
ગોવર્ધનની વળી વાણી, ભરેલી ફક્ત શૃંગારે,
કવિ જયદેવનાં કવન, અખિલ આ વિશ્વ પંકાયે.

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीतगोविंदे महाकाव्ये प्रस्तावना ॥

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪	૮	સહુ જન સુખના નિધિ	અસુર કેશિ તણા અંતક
૫	૧૫	દર્શંત	દર્શંત
૧૪	૪	મોહને	મોહ તે
૧૮	૨	કરે નિજ કોડને પૂરા	કરંતા કોડ નિજ પૂરા

તા ક:— આ શુદ્ધિપત્ર ગંભીર ભૂલોને માટે આપવામાં આવ્યું છે. પુસ્તક બહાર પાડવાની ઉતાવળને લીધે સંપૂર્ણ શુદ્ધિપત્ર આપી શકાયું નથી તેથી દિલગીર છું. અન્ય ગંભીર ભૂલોને માટે વાંચકવૃંદ ક્ષમા આપશે.

ભાષાંતર કર્તા.

દાન આપવાનું ઉત્તમ સ્થાન.

હરેક જાતનાં
દાન લેવામાં
આવે છે.

વધુ વિગત માટે લખો
મંત્રી

શ્રી પાટડી હિંદુ અનાથાશ્રમ

પાટડી—ડી. (અમદાવાદ)

PRINTED FREE OF CHARGE.

ગઝલે ગીત ગોવિંદ

ગઝલે ગીત ગોવિંદ.

મંગળાચરણ.

બનાવી ચંડ નૌકાને, મનુસંડળ તમે તાર્યું,
અસુર મારી શ્રુતિ તારી, ધરી કેશવ! સ્વરૂપ મીનનું.
પૃથુ પીઠે ધરી ભૂમિ, પડી આંટણ તણી ભારી,
ગડી જ્યાં પૃથ્વિને ધારી, ધરીને રૂપ કચ્છપનું.

શશિમાં અંક શી ધોળી,
તીણી દંતુડીની અણીએ,
ધરા ભગવંત! ઉદ્ધારી;
ધરીને રૂપ સૂકરનું.

ધરી નખ શલ્ય અણીયાળો,
કરામ્બુજે દળી વાળ્યો;
હિરણ્યકશિપુ કીડો,
ધરીને રૂપ નરસિંહનું.

બટુક થઈ છેતર્યો બળીને, કર્યું પાવન ચરણ પયથી,
ત્રિભુવનને વિભુ ! આપે, ધરીને રૂપ વામનનું.
ક્ષત્રિયના રક્તથી ભૂમિ, સજાવી સ્નાનને કાજે,
શમાવ્યા તાપ ભવ કેરા, ધરીને રૂપ ભાર્ગવનું.

રણાંગણમાં દશાનનનાં,
હણી દશ શિરને આપે;
બળી દિક્પાળને આપ્યો,
ધરીને રૂપ રાઘવનું.

નીલાંબર રૂપ શૂં વળગી,
વપુએ આપના વિભુ;
યમુના જે હળે ખેંચી,
ધરીને રૂપ હલધરનું.

વખોડી રીત હિંસાની, કરૂણાથી ભર્યા ઉરે,
પશુ બળિદાન અટકાવ્યુ, ધરી બુદ્ધ રૂપ હે કેશવ;
કુટિલ તરવાર ધૂમકેતુ, સમી વિકાળ કર ધારી,
વિદારે મ્લેચ્છના ગણને, ધરીને રૂપ કલ્કીનું.

કવિ જયદેવની વાણી,
રસેલી સર્વ ગુણોથી;

શ્રુતિ ગુઢાર્થ છે જેમાં,
ધરો દશવિધ રૂપ ! કર્ણે.

*　　*　　*

ઉદ્ધાર્યા વેદને ધરણી, ધરી પૃથુ પીઠ પર તારી,
મહીનિધિ થકી તારી, સ્તુતિ પ્રહ્લાદની સૂણી;
દગાથી છેતર્યો બળીને, કર્યો સંહાર ક્ષત્રિયનો,
દશાનન ચંડને ચોળ્યો, હળે રોળી રવિ સુતા.

દયા ફેલાવી આ વિશ્વે,
કરે મંગળ હણી પાપી;
દશ વિધ રૂપ એ હરિના,
ચરણમાં શિર હું નામું.

*　　*　　*

કુંડળ સુંદીર દીપે કર્ણે,
ઉરે વનમાળ પુષ્પોની;
કરામ્બુજે દીપે બંસી,
સદા જય દેવનો થાવો.

જ્યોતી રૂપ સૂર્ય જ્યોતીના,
સકલ ભવ પાપ હરનારા;

મુનિ મન માનસર હંસ,
સદા જય દેવનો થાવો.

અસુર ગણ નાશ કરનારા,
ગરૂડ પર જાંઘ ધરનારા;
સુરોને સૌખ્ય દેનારા,
સદા જય દેવનો થાવો.

મણિધર કાલિના ગંજન,
સહુજન સુખના નિધિ;
યદુકુળ પદ્મિનિ ભાનુ,
સદા જય દેવનો થાવો.

સકળ ભય નાશ કરનારા,
અધમ દુઃખ દૂર કરનારા;
ત્રિભૂવન સૌધ કરનારા,
સદા જય દેવનો થાવો.

સીતા કેરા પતિ પ્યારા,
હિતસ્વી વિશ્વના વિષ્ણો;
સીતાહર કુળના અંતક,
સદા જય દેવનો થાવો.

અભિનવ મેઘ સમ સુંદર,
કરે ધરનાર ચંદરના;
ચકોર મુખ ચંદ્ર રાધાના,
સદા જય દેવનો થાવો.

શરણ તમ છું દયાનિધિ,
નમાવું શિર તવ પાદે;
ધરો ઉર વિનતી મારી,
સદા જય દેવનો થાવો.

કવિ જયદેવની વાણી,
દળી આપદ સુખો આપે;
ભરે મન મોદ તે ભારી,
સદા જય દેવનો થાવો.

* * *

અંક લેતાં લક્ષ્મીને કુંકુમ જે છાતી ધર્યું,
રતિ કેલિએ, શ્રીકૃષ્ણના ઉર ઉપરે તે લાગીયું;
આંતર પ્રીતિ દર્શાત તે પ્રસરી જઈ પ્રસ્વેદથી,
પર સૌખ્ય અર્પો સર્વને ભીતર પ્રીતિ તે શ્યામની.

ગઝલે ગીત ગોવિંદ

સર્ગ ૧.

વાસંતી કુસુમ સમ વસંતે રાધિકા ગાઢા વને,
ભ્રમે કુંજ કુંજે રસવિવશ શોધંતી અહીંતહીં કૃષ્ણને;
તહીં અધીરી રાધિકાની તાલાવેલી જોઇને,
જે વદે સાહેલી ત્યાં તે મદન મીણી તરૂણીને.

* * *

લવંગની ડાંખળી કેરા,
પરિમલ સાથ ધીમેથી;
મલયવા જો સખી! વાયે,
તને આનંદ ઉપજાવી.

કરે નવ ગાન કોકિલા,
મધુકર બીન બજાવે છે;
મધુર સ્વરથી અહા! કુંજે,
સખી! આનંદ ઉભરાયે.

હરિ વિહરે સખી ! જોને,
અહા ! મદભેર ગોપીમાં;
વિકળ કરતા વિજોગીને,
રસીલા રમ્ય ઋતુમાં.

મધુતર બોલસરી ડોલે,
અલિની સાથ ખીલંતી;
અરે ત્યમ નારી વિરહીણી,
બને વ્યાકુળ કામેથી.

નવી કુંપળ તમાલોની,
પરિમલ આકરો બહાવે;
અનંગ ઉર ચીરતો ખંતે,
કિંશુક નખથી તીણી ધારે.

કનક દંડ રૂપ જો સ્મરના,
સુમન કેશર તણાં દીપે;
ભજાવે વેષ ભાથાનો,
અલિથી પાટલિ જોને.

હસે ભાવે કરૂણ નાનાં,
જગત ભાળી સખી ! નિર્લજ;

કેતક કુંતે વિંધે નેત્રો,
વિજોગીનાં અહા મનમથ.

પરમ કેશર ઉડાવે છે,
કળી નવ મલ્લીની ફૂલી;
મુની મનને ચલાવે આ,
વસંત સંયોગી સુખદાઇ.

રસાળે માધવી લેટી,
મુકુલ પુલક દર્શાવે;
વૃંદાવન કુંજમાં જોને,
હરિ વિહરે સખી! ભાવે.

વિપીન વર્ણન મધુ ઋતુનું,
કવિ જયદેવનું આ જે;
મતિ શ્રોતા તણી સ્થાપો,
દધિ સુતા પતિ પાદે.

* * *

રહી હહેકી નવલ પુષ્પે,
લલિત ફુલવાડી જો કેવી;
બની મોહકારી જો વાયુ,
મધુરી મ્હેકથી તેની.

અરે તે જોસથી વાયે,
પસારી અંગ અગ્નિને;
વિષમ આ પ્રાણુછે સ્મરનો,
ખરે તે પ્રાણ હારી છે.

* * *

ધરી ડૂંખ મોરની મૂખે,
નિકુંજે આમ્રના અંકે;
કરી કલરવ સખી ! જોને,
શ્રવણને કોકિલા સારે.

પ્રવાસી દુખીને પીડે,
વિરહની આ ઋતુરાજે;
સમાધી પ્રેમની સાધી,
હૃદય પીડા વિસારે છે.

* * *

રમે લૈ અંક ભામાને,
ઘૂમે હરિ રંગશૂં સંગે;
કરે દેખાડતાં તેને,
સખી વાણી તહીં બોલે.

* * *

કટિપર વસ્ત્ર છે પીળું,
મધુર ચંદન વપુ મ્હેકે;
મણિકુંડળ ઝૂલે કર્ણે,
અને લ્હેકે ઉરે માલા.

ઉમંગીલી રંગીલી નારી,
રસેથી શૂં વિલાસીને;
રસિક શિરોમણિ જોને,
રમે છે રંગમાં પ્રીતે.

પીડી ઉરજો સખી! હરિને,
ભુજામાં ભાવથી ભીડી;
મીલાવે રાગ કો રામા,
રસીયણ રાગની પૂરી.

વિલોભન લોચને લોચન,
મીલાવી વ્રજની બાળી;
નિહાળે મૂખ મોહનનું,
થઈને કામથી ઘેલી.

કંઈ કહેવા મિષે કાને,
કરીને કોડ કો કામા;

સુરત પીએ પિયુજીની,
રતિ ભીની થઈ અંગે.

ક્રીડા કૌતુકિ કો વામા,
રૂચિર વંજુલના કુંજે;
હરીને કુંજવિહારી,
તરૂ પુંજે હરે પટને.

લળી તાળી રમા લેતી,
હલાવે પાણ્યનાં કંકણ;
રમે સખી ! રંગમાં રામા,
બજાવે બંસરી માવા.

પરિરંભણ રતિ લંભન;
અને ચુંબન થકી બાળા;
સંતોખીને રૂડા હાસ્યે,
રમે છે રાસ જો માવા.

વૃંદાવન કુંજ કીધેલી,
હરિએ રાસલીલા જે;
કવિ જયદેવની કૃતિ,
રતિ ઉર દો પસારીને.

* * *

અંબુદ સમ છે રંગ તે હરિ હર્ષને વર્ષાવતા,
લૈ અંકમાં રમતી રસીલીને ઉરે પણ ભાવતા;
દેવકી સુત જો સખી! મધુના નવા આ રાજ્યમાં,
ખેલે મહોત્સવ કામનો આજે રૂડો શોભાવતા.

* * *

ભુજંગ કાળા તણાડંખે,
શીતળતા વ્યાપતાં અંગે;
પવન લહરી હિમાળે જો,
લથડીયાં ખાતી જાય છે.

મધુના કોકિલા ગાયે,
ઉલ્લાસે પ્રેમ મંત્રોને;
સમૂહ ભૃંગો તણા ડારે,
થઈ હર્ષિત મધુ પીને.

* * *

ગીત ગાયે શ્રીહરિ ને રાસસૂરી માનિની,
ખેલે મદે ત્યાં ભુજ ભરી રાગાંધ રાધિકા પૂરી;
અમી સાવ! શી તમ મુખ વસી! એવું મિષે વળી ઉચરી,
ચશ્રશ ચૂમે, ને હસે હીઝી હરિ, તે રહો શ્રી વિસ્તરી!

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीत गोविंदे महाकाव्ये सामोद दामोदरो नाम प्रथमः सर्गः

ગઝલે ગીત ગોવિંદ

સર્ગ ૨.

નિરખી તરૂણી સંગ રમતા રંગમાં વનમાળીને,
સહી શકી ના રાધિકા કુંજે ભરાઈ મહા વને;
મધુ પી ભૃંગો ગુંજતા સુમંજુ જહીં ડુબી મદે,
તહીં રસીકડી ઢીલી વીલી સહી રહીને શું વદે.

*   *   *

લલિત મૌલિ લચાવીને,
નચાવી અક્ષ ચંચળને;
અમીરસ ઓષ્ટનો સીંચી,
રસાળી બંસીને વાતા.

અહીં આવે તરી કાના,
અલી રમતા વળી રાસે;
પ્રભુ પ્યારા હરી મારૂં,
હૃદય ભોળું પરિહાસે.

મયુર મુગટ શિરે ધારી,
અને ઉર મધ્ય ચપળા શી;
મણિમાળા સુહાવીને,
મચવતા મોહને ભારી.

સલુણા પ્રેમથી વળીને,
વદન ચૂમતા વનિતાનાં;
સુહાસ્યે શોભતા ઓષ્ટે,
અધીર ઉપજાવતા વ્હાલા.

વિપુલ કરથી રગ્રીલીને,
ભરંતાં અંક અતિ નેહે;
ભુજાના ભવ્ય ભૂષણથી,
તિમિરને દૂર તે કરતા.

ચંદન તિલકે સખી નિંદતા,
અંબુદ મંડીત શશિ શોભા;
પીડી પીન કુચ લલનાનાં,
હૃદયથી તે હૃદય ભીડતા.

મણિમય હેમનાં કુંડલ,
સુહાવી કર્ણમાં પિયુ;

અંબુદ સમ શ્યામ વાનેથી,
મચવતા મોહને ભારી.

કદંબના ઝાડની નીચે,
શમાવી કલેશ કેલિનો;
હરિ મન મ્હાહરૂં પરવશ,
કરી દેતા સખી! સ્નેહે.

રચિત જયદેવ કવિ કેરૂં,
મનોહારિ હરિ વર્ણન;
પરમ ભાવીકના ઉરે,
કરાવો ભાન ઇશ્વરનું.

*　　*　　*

ભીતર ભ્રમણા તજી દીધી,
ભૂંડી કુથલી સખી ત્યાગી;
લલિત લગની મને લાગી,
ગુણોની ધુની પણ જાગી.

હરિજી વિહરે રીઝી,
બીજીથી રે મને મેલી;

તોયે મન માહરૂં મોહે,
કરૂં શું હું સખી! કેને.

* * *

નિશિ કુંજે ચહુ દિશે,
નિરખતી નિરખી મુને;
હસી પડતા નિશિ તમમાં,
મુદીત મનથી મહી ! માવા.

અસુર કેશિ તણા અંતક,
મુરારિથી સખી! મેળવ;
મદનજ્વરથી પીડાતીને,
કરીને રેમ મુજ એની.

પ્રથમ મેળાપના સમયે,
મધુર વચને હરી લજ્જા;
હસીને મંદ હું વદતાં,
વસન તે ખેંચતા મારૂં.

સજાવી સેજ કૂંપળની,
હૃદય સાથે હૃદય જોડી;
અધર સુધા પીતા પાતા,
ભુજામાં મુજને ભીડી.

ભીજાતી દેહડી મારી,
અને આ નેત્ર ડેરાતાં;
પિયુ જોઇ અને મોહી,
નૂતન સ્મરને થતા આધીન.

કોકિલ કલરવ સમી વાણી,
સુણી સુણી હરિ મારી;
કળા વિસ્તારી કેલિની,
રતિ રંગે અતિ રમતા.

ફગર ફૂલના ગરંતી જે,
અલક લટ શિરની ઢીલી;
ગ્રહી આવેશથી ભ્રમતી,
ચુંબન કરતા અતિ નેહે.

કટિ રસના તૂટી તેનો,
ઉરે વિચાર ના લાવી;
અનંગ જય લેખ તે લખતા,
નખેથી કુચને દાબી.

થતો ઝણુકાર જ્યમ પાયે,
મણિમંજીરનો રંગે;

મચાવી દ્રૂમ ત્યમ વ્હાલા,
કરે નિજ કોડને પૂરા.

રતિના થાકથી ઢીલી,
વપુવેલી સખી ! મારી;
દૃગે ભાળી પ્રભુ મદતા,
નૂતન સ્મરને થઈ આધીન.

રતિ સંભોગની લ્હેરે,
થતાં તલ્લીન મન મારૂં;
ભરેલાં પ્રેમવારિથી,
નયનને શ્યામ મીચંતા.

રચિત જયદેવ કવિ કેરી,
રતિ કેલિ હરિ કેરી;
વદેલી વ્હાલ ઘેલીએ,
પરમ રસ ઉરમાં અર્પો.

* * *

ગોપાંગના દૃષ્ટિ શરો ફેંકી હૃદય લલચાવતી,
તે છતાં નિરખી મને ઝટ બંસી દૂર ફેંકી દઈ;

વિવશ તે પલમાં થતા ને મંદ સ્મીતે શોભતા,
હર્ખું અને નિરખું સખી! હું–આ હરિને ગોપીમાં.

*   *   *

અનલ પ્રગટાવીને વાયુ,
દહે છે દેહડી મારી;
વળી ભેદે સખી! મારાં,
શ્રવણને ભૂંડી આ ભૃંગી.

રસાલે મોર ફૂલીને,
હરિ વિણ મ્હેકીને પીડે;
ટીશી અણીયાળીએ રાતો,
અશોક પણ નેત્રને વિંધે.

*   *   *

ભ્રૂવલ્લી નચવી સ્મીત સુધા ભાવોર્મિયે ગમતી સ્ત્રવી,
પાણ્યથી કસી કેશ ને કુચ કાંતિથી લલચાવતી;
ગોપી નિહાળી વિહ્વળ બની નેહે ભીની તેની છબી,
ચિત્ત ચિંતવતા રસેશ્વર ઉર પૂરી દો રતિ.

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीत गोविंदे महाकाव्ये
अक्लेश केशवो नाम द्वितीयः सर्गः

ગઝલે ગીત ગોવિંદ

સર્ગ ૩.

પુરા બંધાઈને પ્રેમે,
રટંતા ઉરમાં રાધા;
હરિ વ્યાકુળ થઈ ઉરે,
તજી ગોપાંગના ચાલ્યા.

બહુ શોધી વળી વળીને,
વનાંતરમાં સઉ ઠામે;
અનંગના બાણેથી અંગે,
થયેલા વિદ્ધ કાનાએ.

કલિંદ કન્યા ત્રટે રૂડા,
દીપંતા વંજુના કુંજે;
સ્મરીને રાધિકા રમણી,
પ્રભુ બહુ શોકથી ઉચરે.

* * *

ચાલી ગઈ વ્રજ બાળીમાં રમતો નિહાળી મુજને,
સોસમાં નિજ દોષના મેં પણ ન વાળી વ્હાલીને;
લહી અનાદર રોષથી ચાલી ગઈ શૂં માનિની!
હરિ હરિ! કરૂં શૂં હવે ઈંદુમુખી અહીં છે નહિ.

ઉચરતી શૂં એ હશે?
કરતી હશે શૂં એ રમા?
ખેહ સમ ગણું જીવ ધનને,
વ્રેહમાં એ પ્યારીના.

પદ્મવત તુજ મુખડું ભ્રૂકુટિ કસેલું નિરખું,
રીસથી ભરેલું તે પ્રીયા! તો પણ રસાળું છે ખરૂં;
આ રમે ઉરમાંહી રમણી ઉરમણિ મુજ રાધિકા,
શિદ હૂં ભમું વનને વિષે શિદ હૂં અમુઝાઉં વૃથા.

કહીં ગઈ અણખાઈ ઉર છણકાઈ એ જાણું નહિ,
શી વિધ આવી મનાવું હું એ કાર્ય અઘરૂં પ્રેયસી;
તરવરંતી તુજને તરૂણી! નિહાળું નેત્રથી,
તદપી સાંઈ ન કેમ દે સૌંદર્યવનની પોપટી!

નહિ કરૂં કદી આમ માનિની! માનને કરી મેં'રતું,
સાંખી શકુંના ઝાંખી દે મનમથ દેહ છે આ વપુ;

રસપયોધિસુધાશું કેશવ ચરણમાં શિર નામીને,
જયદેવ હરિ વિરહ તણી કથની બહુ પ્રીતે કથે.

*　　*　　*　　*　　*

કુવલય ગળે છે વીટીયાં આ તો હલાહળ છે નહિ,
ઉર કમળની માળ છે વાસુકિ પણ આ છે નહિ;
સુખડ શરિરે ચર્ચિયું આતો વિભૂતી છે નહિ,
કામ ! કાં મારે મને હું ધૂર્જટિ પણ છું નહિ.

*　　*　　*　　*　　*

ચૂત મોર તું કર ધાર માં; ચાપેય માં આરોપ એ,
વિશ્વ જીતે રમતમાં કાં ઘા કરે ઘાયેલને?
તીવ્રનેત્ર કટાક્ષથી સૂભ્રૂ તણા રેંસાઇને,
ઘૂમાતું મનડું આ રહે જો જો હજુ તે તો બળે.

*　　*　　*　　*　　*

દીધ ચાપ અર્પી વિતનુએ ભ્રૂ રૂપે શૂં ધ્યારીને ?
પણછ સમર્પી કર્ણ કુંડલી રૂપ શૂં તેને ખરે ?
કટાક્ષ રૂપ શર શૂં પ્રીયાને તેહણે અરપી દીધા?
જગ જીતવાને જુગતે શક્તિ પ્રમાણી શૂં જ હા?

*　　*　　*　　*　　*

ભૂકીં મોહની નાંખતો તે અધર સૌ શુદ્ધિ હરે,
ભ્રૂચાપ યોગે નેત્ર તીણાં હૃદય સારૂં સંહરે;
કૃષ્ણ નાગણ જેવી કબરી પ્રાણ બસ મારા હરે,
તલ્પી તલ્પી ઉંચ કુચ આ પ્રાણ લેવા કાં કરે?

* * * * *

નર્તે રોમ ભીડી ભુજે, વિલાસથી પક્ષ્મ ઠરે,
સુવાસ ટેવી શ્વાસનો ઉલ્લાસથી હૈયું ભરે,
વાણી સૂણી કર્ણો ઠરે રૂપ નાણીને નયનો ઠરે,
સ્નેહ સમાધી સાધી છે આ વ્રેહ પીડા કાં વધે?

* * * * *

વાંકી ડોકથી ડોલતે શિરે બજવતાં વાંસળી,
મોહે રહી'તી રાગની મીઠાશમાં રામા ડુબી;
ખેંચાઈ તહીં સુમુગ્ધ રાધાના શશિ મુખની ભણી,
ઉર્મી વધંતી કૃષ્ણની અર્પો સુધા પર સૌખ્યની.

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीतगोविंदे महाकाव्ये
मुग्ध माधबो नाम तृतीयः सर्गः

ગઝલે ગીત ગોવિંદ

સર્ગ ૪.

યમુનાજીના તીર કુંજમાં વિરહે વ્હીલા શ્રીકૃષ્ણને,
વિનવે જૈ સાહેલી ત્યાં કરવા કૃપા રાધા પરે;
સખીએ કહ્યુ પ્રભુ ! આપ વિરહે રાધિકા બેહાલ છે,
રાસેશ્વરી ઉગારવા ઝટ હસ્ત આવી ગ્રહો તમે.

*　　*　　*　　*　　*

મદનના બાણુથી ભીતર,
પ્રભુ ! રાધા ડરે ભારી;
બની છે લીન તે કાસા,
તમારી મૂર્તીમાં પ્યારા !

તમ સમા છે નાથ શિરે તે છતાં વિરહે બની,
વ્હીલી હરિ ! વ્હાલી તમારી આપને ઝંખી રહી;
અણુગણુ મદનના બાણુથી બચવા તમારી પ્રેયસી,
ભીનાં કમળ દળ ઉર ઉપર રાખીને બેસી રહી.

ચંદન ને ઈંદુને નિંદે,
બનીને ખીન્ન હીરહારી;
ફણીધર સંગથી વિષસમ,
લહે અંગે પવન કારી.

મોંઘેરા સાંઈ સુખ સારૂ,
વિકટ વ્રત ધારીને જાણે;
અભંગ રંગ જોગ કુસુમશર
શયન, સેવે સુકુમારી.

વિકટ રાહુ તણા દંતે,
વપુ ખંડિત લહી ભારી;
અમી ગરતા શશિ જેવી,
સુરત દેખાય અશ્રૂથી.

નમે ચિતરી મદન મિષે,
તમારી મૂર્તિ મૃગમદથી;
કરી મીન તે નીચે કરમાં,
દઈને મંજરી ચૂતની.

"પડી છું પાય હું વ્હાલા,
તમારી મે'ર વિણ બાળે;

હરિ આકાશનો પ્યારા,
વદી એવું રહી રાધા.

ધ્યાન ધરી તસ મૂર્તિને ચિત્તમાં પ્રભુ તે ધારતી,
તે નિરખી સઉ પીડને વિસારતી મારી સખી;
જયદેવ ભણિત તન્વી તણી વિરહ દશા દુઃખીયારી આ,
સખીએ કહેલી નિત્યરે ટાળો વિરહની આપદા.

*　　*　　*　　*　　*

વાસ ભાસે રાન સમ, મહાજાળ સુમન માળ છે,
ફૂકંત ઉનો શ્વાસ દાવાગ્નિ સમો વિકાળ છે;
કુરંગી જ્યમ શાર્દુલથી ભયભીત થઈ વનમાં ભમે,
તન્વી બીચારી મેનથી ત્યમ હે પ્રભુ ! જલતી રહે.

*　　*　　*

કંઠક પરની સુમનમાળા,
ભણેછે ભાર સમ બાળા;
વિરહથી આપના પ્રીતમ!
બીચારી રાધિકા ઝૂરે.

ઉન્હા મૂકે મુખે શ્વાસો,
ધમણ જ્યમ કામની ફૂંકે;

प्रेमसंदेश



ધ્યાન ધરી તમ મુર્તિને ચિત્તમાં પ્રભુ તે ધારતી,
તે નિરખી સઉ પીડને વિસારતી મારી સખી.

સર્ગ. ૪

A 8694 Lakshmi Art, Bombay 8.

હિમકણ કલિત કમળ જેવાં,
સજળ નયનો બધે કેંકે.

સળગતી હોળી જયમ હોયે,
જુએ ત્યમ સેજ કૂંપળની;
વિષમ વિષ સમ ચંદન શંકી,
દૂજે છે દેહડી તેની.

અરૂણ નભમાં શશિ જેવું,
વદન કર વામમાં ધાર્યું;
તર્ફડતી વ્રેહથી ભારી,
હરિ હરિ મૂખથી બોલે.

કવિ જયદેવની વાણી,
રસાળી ને હરિ ચરણે;
નિવેદન જે કરેલી છે,
સહુ દુઃખડાં દીયો ટાળી.

* * * * *

ઘડીમાં ડુબે તે ધ્યાનમાં, ઘડીમાં મીંચે તે નેત્રને,
સીત્કાર મૂખથી સુસવે, દોડે પડે તે ભૂતલે;

ક્ષોભાય છે અતનુજ્વરે કૃપા કરો ઉપેન્દ્ર રે!
તવ વિના રસવૈદ્ય! તેને ના જરી શાન્તિ મળે.

*   *   *   *   *

સ્મરજ્વરે તે તર્ફડે ઉગારી લ્યો આવી તહીં,
કર ગ્રહો દુઃખીયારીને ઉર વજ્રસમ રાખો નહિ;
કંદર્પજ્વરથી બળી બળી થતી માનિની દુભાય છે,
ચંપા કમળની વાતથી બ્હીલી બની તે જાય છે.

*   *   *   *   *

એકાંતમાં મૂર્તિ તમારી ઉર પર ધારી રહી,
નિરખી નિરખી સ્નેહથી તે પ્રાણને ટકવી રહી;
ક્ષણ વિયોગ ન વેઠતી મીટ મીટતાં દુઃખી થતી,
કયમ જોઈ જીવશે રાધિકા મોરેલી ડાળી આમ્રની.

*   *   *

મેઘ મુસળધારથી ગોકુળ ભય ભારી બળે,
ગોવરધન લઈ મૂળથી તોળીજ તે એકાંગુલે;
ઇંદ્રજયની તાંણુલે જહીં ગોપીઓ કવિતા લખે,
ભુજથંભ તે શ્રીકૃષ્ણનો રક્ષો સદા આ વિશ્વને.

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीतगोविंदे महाकाव्ये स्निग्ध माधवो नाम चतुर्थः सर्गः

ગઝલે ગીત ગોવિંદ

સર્ગ ૫.

અહીં છું હું અયી ! શાણી,
જઈ જુગતે મનાવીને;
અહીં તું આણ રાધાને,
ન ઉપડે પાય આ મારા.

ધરી વિધુર પ્રભુ કેરાં,
વચન શ્રવણે સખી પહોંચી;
ફરી વિનવે તરૂણીને,
દશા કારી પ્રભુ કેરી.

*　　*　　*

દબી ઉરને કળી ખીલે,
કઠીન થાયે કળી કૂંળી;
અનિલ કેરી શીળી લે'રો,
અનલ પ્રગટાવીને વાયે.

અરે તુજ વિરહે રાધા !
પીડાયે કામથી પિયુ;
તને તલસી રહી ગાળે,
વખત કાલિંદીના કુંજે.

શશિ કર દેહને અડતાં,
નિશિ મૂર્છા પિયુ પામે;
સખી ! તુજ વિરહે આવા,
ક્ષણે ક્ષણ ક્ષીણતા પામે.

શ્રવણ સીડી રહે છે તે,
અલિગણની ધ્વની સૂણી;
સૂણી સ્મર બાણ સણસણતાં,
વિકટ સંકટ વહે છે તે.

ગહન કાંતારને સેવે,
હરિજી ધામને ત્યાગી;
ઢળી ભૂમી લવે તારૂં,
પળે પળ નામ પિયુજી.

વિહિત જયદેવ કવિ કેરૂં,
વિરહનું ગાન આ જગવે;

રસિક વિલાસીના ઉરે,
પરસ પુનિત હરિ રૂપને.

*　*　*

રસ તંત્રની જ્યાં કુંજમાં તુજથી પુરી હતી કામના,
તેજ તીર્થે પ્રેમના ધ્યાને બૂડીને તાહરા;
એક જીભે તે જપી શુભ મંત્ર તારા નામનો,
પીવા સુધા રસ શ્યામજી ત્યાં સંગ ચાહે તાહરો.

*　*　*

રતિ સુખ ઉરમાં ચાહી,
વને વિચર્યા હરિ શાણી;
વખત વિતાવ ના ઠાલી,
જઈ મળ શ્યામને વ્હેલી.

યમુના તીર જ્યાં વનનો,
ધીરેથી વાયરો વાયે;
મદનમદ દૂર કરનારો,
જુએ છે વાટ ત્યાં તારી.

સૂચક સૂરથી પૂરી વેણું,
પિયુ તવ નામને ગાવે;

ગણીને પાદ રજ તારી,
વધાવે ધૂળ ઉડંતી.

ઉડે પર કે પડે પત્ર,
પધારી પ્યારીને ધારી;
બીછાવે સેજ કૂંપળની,
વિલોકી પંથ ગીરધારી.

અલી ! અમથાં છછન કરતાં,
તજી ઝાંઝર રિપુ રંગે;
તિમિરે ચાલ તું કુંજે,
વસન કાળું સજી અંગે.

તરલ બગલી યુક્ત વાદળમાં,
દમકતી દામિની પેરે;
ધરેલ છે હાર તે ઉરે,
વિલસ સહી ! તું અતિ પ્રીતે.

બંધન દોરી તૂટી જાતાં,
વસન દૂર તે થકી થાતાં;
નિતંબે નેત્ર લાલાનાં,
અવિલંબે સખી ! લોભવ.

વહી આ રાત્રી તો જાશે,
સખી ! છે લાલ અભીસાની;
મનોરથ પૂર પ્રીતમના,
વચન ઝટ માનીને મારાં.

કહે જયદેવ હરિસેવક,
પડો પાયે પૂરણ ભાવે;
કરૂણાનિધિ નટવરને,
મળે છે જે મહા પુણ્યે.

* * *

ઉંડા નિશ્વાસ બહુ મૂકે,
મૂખેથી રાધિકા ! માવા;
ચકિત નયને જુએ કુંજે,
કરી લવરી વ્હીલાયે છે.

બહુ કૂંળી લઈ ટીશી,
રચે છે સેજ કૂંપળની;
મદનઆવેશથી ઝૂરે,
હરિ એવી રીતે રાધા !

* * *

કો નિકળી તમમાં મળી ને, ઓળખી બોલી થકી,
ભુજમાં ભીડી,ચૂમી ચૂમી વીંધી વીંધી નખના ડંખથી;
મદી મદી ભીંજી રસે, ઝીલી રતે બહુ ખંતથી,
પોખી કોડ હવાં રૂડા રંગે બૂડે હા! દંપતી.

* * *

ચકિત દ્દષ્ટી થકી જોતી,
તિમિરે પંથને કાજે;
વળી ભરતી ધીમાં પગલાં,
નિકુંજે વૃક્ષરાજીમાં.


મદનમદથી વળી અંગે,
ધ્રૂજંતી મૂર્તિથી દર્શન;
દઇને કોડ કર પુરા,
હરિના હે સખી! પ્રીતે.

* * *

તુજ રોષ સમ આ આકરો રવિ અસ્ત પામ્યો છે સખી!
પિયુના મનોરથ પેઠ અંધારૂં વધ્યું આશા મંહી;
મુજ સમી આ કોકિલા પ્રેમે પ્રબોધે છે વળી,
રૂડો સમય અભિસારનો છે શું રહી બેઠી વ્હીલી?

* * * *

सखी-प्रोत्साहन



સુજ સમી આ કોકિલા પ્રેમે પ્રબોધે છે વળી,
રૂડો સમય અભિસારનો છે શું રહી બેઠી વ્હીલી ?

સર્ગ ૫.

A 3694 Lakshmi Art, Bombay 8.

ત્રૈલોક લક્ષ્મીના, અને ગોપાંગનાના વૃંદના
ચખમોરના ઘન, ને મધુ મુખપદ્મના રાધા તણા;
નીલમણિ મૌલી તણા શણગારના, ને કંસના
નાશના ધૂમકેતુ, ધરણી શ્રીહરિ રક્ષો સદા !

* * * *

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीतगोविंदे महाकाव्ये साकांक्ष पुंडरीकाक्षो नाम पंचमः सर्गः

ગઝલે ગીત ગોવિંદ

સર્ગ ૬.

ડગ દઈ શકતી નહિ રાધા મદન આવેશથી,
તે નિરખી સખી શ્યામ પાસે પ્હોંચીને વાણી વદી;
* * * * *
મૂર્તિ તમારી જોઈ તરતી નેત્રની પાસે હરિ,
અધર મધુનું પાન કરતી વ્રેહમાં ઝૂરી રહી.

હોંશ છે અહીં આવવા પણ ના જરી ચાલી શકે,
ધોળાં કમળ કર ધારીને રતિ આપની ઝંખી જીવે;
ઘનશ્યામ આવ્યા એમ ધારી ભુજ ભરી તમને ચૂમે,
હું હરિ વદી એમ ભૂષણ તે છબીલી નિરખે.

વિલમ વિશેષ સહી નહિ લજ્જા તજીને રાધિકે,
વ્યાકુળ થઇને કામથી વ્હીલી બની તે વિલપે;
વાર થઇ કયમ કાનજી આવ્યા નહિ અહીં કુંજમાં,
કહી કહી સખી મૂખને નિરખે બીચારી એ રમા.

राधाविरह निवेदन.



બની મગ્ન ઉંડા પ્રેમના નિધિયે તમારી સુરતિ,
બહુ ધ્યાનથી ધારી રહી અવલ એ તે કૃશ કામિની.

સગ. ૬

A 3694 Lakshmi Art, Bombay 8.

જયદેવ કેરી વાણી આ,
રૂડી રસાળી છે ખરી;
રસિક જનના ઉરની,
પૂરી કરે આશા બધી.

* * *

વિપુલ પુલક ધારી, ને શીસકારી મુખથી સૂસવી,
અત્યંત જડતા વાસથી ઢીલી બની બ્હીલું વહી;
બની મગ્ન ઉંડા પ્રેમના નિધિયે તમારી મૂરતી,
બહુ ધ્યાનથી ધારી રહી અવલંબે તે કૃશ કામિની.

* * * * *

અનિલ કે પંખીના લીધે,
લગારેક પત્ર જો હાલે;
સજી શણગારને અંગે,
અધીરી પંથને જુએ.

સજે શય્યા ઘડે ઘટમાં,
અભિલાષા પ્રભુ! કોટિ;
મધુનિશિ પ્રભુ! કેવી
રીતે તે કાઢશે તન્વી.

* * *

કૃષ્ણ ભોગી અહીં રમે, ના, ના, રહે ભાઈ અહીં,
જો આ રૂડા નંદભુવનો છે તું સવેળા જા તહીં;
પાંથમુખથી સુણી આ રાધાજીની વાક્યાવળી,
સ્વાગત મંહી ડુબાવી દે તે શ્રીહરિ પૂરો રળી.

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीतगोविंदे महाकाव्ये वासकसज्जा वर्णने सोत्कंठवैकुंठो नाम षष्ठः सर्गः

ગઝલે ગીત ગોવિંદ

સર્ગ ૭.

બૃહસ્પતીની રમા તારા
તણી, સાથે રતિ રમતાં;
કલંક જે શિર પર ચ્હોંટયું,
ફિટવવા તેહને ફરતો.

યમુના પાનને અર્થે,
ચંદનની આડના જેવો;
પ્રાચીદિશા વિષે ઉગ્યો,
ગગનમાં નાથ નિશાનો.

* * *

નભે ઇંદુ ચઢી આવ્યો,
જીવણજી તોય ના આવ્યા;
રાધા આ જોઈ હીર હારી,
વિધુરી વિરહે વિલપે.

* * *

કહેલી વેળ ગઈ વીતી,
હરિ ના આવીયા તોયે;
અનૂપમ રૂપ આ મારૂં,
થયું નિષ્ફળ બધું આજે.

ખીલેલું આજ કરમાયું,
અલૂણું નહિ બને ખીલ્યું;
સખીએ છેતરી મુને,
કવણ શરણે હવે જાઉં.

અંધારી રાત્રીએ સેવ્યું,
ગહન વન જેહના કાજે;
દમે છે દેહડી મારી,
બની તરણિ પ્રભુ આજે.

તદન અગને બન્યું મારૂં,
અચેતન આજ આ તનડું;
મુંઝાઇને લહું ઉરમાં,
મરણનો આશરો રૂડો.

મધુની રાત્રી આ રૂડી,
પ્રભુ વિરહે વિતાવું છું;

અહહ ! સુહાગી કો રામા,
હરિને પ્રીતથી સેવે.

અસહ્ય પીડે હરિ વ્રેહની,
કલંક રૂપે અહહ ! લેખું;
વલય–આદિ ભૂષણ મારાં,
વપુએ જે સજ્યાં છે મેં.

વિરહ વ્યાકુળ આ ઉરે,
ધરેલી માલ પુષ્પોની;
કુટિલ કંદર્પશર નીવડી,
હણે છે છાતડી મારી.

ગહન વનમાં રહું તલસી,
થઇ આધીન પ્રભુ પ્રીતે;
નહિ સ્મરતા હશે માવા !
જરી આ વ્હાલીને ઉરે.

ધરી રહી ધૂળના જેવા,
વપુને શૂં અહીં કરવું;
પ્રબળ વિરહાનળે બળવું,
પ્રભુ વિણ વિલપી વનમાં

પરમ ભાવિક હરિ કેરા,
કવિ જયદેવની વાણી;
લલિત લલના સમી પ્રીતિ,
રસિક કેરા ઉરે પૂરે.

*   *   *

શૂં કોઈ શીળી નારીના સોડે ભરાઈ તે રહ્યા,
શૂં વાતમાં ફસીયા સખા, શૂં રાનમાં ભૂલા પડ્યા;
શૂં વાટમાં અચકી પડયા યા સ્મર જ્વરે શૂં કારમા,
કે કેલિગૃહમાં હજુ સુધી આવી મળ્યા ના વાલમા ?


*   *   *

તહાં નિકુંજમાં આલી,
વ્હીલા મુખે ફરી પાછી;
પિયુ વિણ એકલી પેખી,
મુંઝાઈ રાધિકા ભારી.

અવર લલના તણા સંગે,
રમંતા પિયુને માની;
થયેલો નેહભંગ જોઈ,
રૂઠેલી રાધિકા બોલી.

*   *   *

विरही राधा



શું વાટમાં અચકી પડયા, યા સ્મરજ્વરે શું કારમા,
કે કેલિગૃહમાં હજુ સુધી આવી મળ્યા ના વ્હાલમા?

સર્ગ. ૭

▲ 3694 Lakshmi Art, Bompay 8.

ક્રીડા સારૂ સજેલ વેશે,
કુસુમશર વરતી કેશે;
પ્રીતેથી નારકો વ્રજની,
હરી મન કૃષ્ણનું વિહરે.

પ્રગટતી પ્રેમ ભુજ ભીડી,
કુચે મણિમાલ ઝુલવતી;
પ્રીતેથી નાર કો વ્રજની,
હરી મન કૃષ્ણનું વિહરે.

ગણી લટ ના મુખે ઝુલતી,
અધર મધુ પી મદે મદતી;
પ્રીતેથી નાર કો વ્રજની,
હરી મન કૃષ્ણનું વિહરે.

ઝગવતી ગાલ પર કુંડળ,
ગજવતી ઘુઘરી પૂંઠે;
પ્રીતેથી નાર કો વ્રજની,
હરી મન કૃષ્ણનું વિહરે.

પૌરૂષરસમાં મદનઘેલી,
અતિ ધ્રૂજતી વપુવેલી.

પ્રીતેથી નાર કો વ્રજની,
હરી મન કૃષ્ણનું વિહરે.

મળ્યે નયનો હરિ કેરાં,
અતિ મલકાતી મદમાતી;
પ્રીતેથી નાર કો વ્રજની,
હરી મન કૃષ્ણનું વિહરે.

ન્હવાઈ સ્વદેથી મુગ્ધા,
રસિકડી નેત્ર મીચંતી.
પ્રીતેથી નાર કો વ્રજની,
હરી મન કૃષ્ણનું વિહરે.

રતિરણમાં શૂરી પૂરી,
હરિજી ઉર આવરતી;
પ્રીતેથી નાર કો વ્રજની,
હરી મન કૃષ્ણનું વિહરે.

ભણિત જયદેવ કવિ કેરી,
હરિની આ રતિકેલી;
રતિરસ ઉરમાં રેલી,
હરે કળિયુગનાં કિલ્વિષ.

* * *

છબી બેહાલ વલ્લભની,
ફુરી હરિ ધોળી મૂર્તિથી;
હૃદય મન્મથ રહ્યો કોરી,
હરિ! હરિ! શુદ્ધી મુજ નાઠી.

*   *   *

તન મન કામથી નચવી,
અધર જે નેત્રને ખેંચે;
અરે એવા શશિમૂખે,
શશક તિલક કરે શૂંએ.

મદનઘેલી રમાથી શૂં,
તરૂપુંજે શશિબિમ્બે;
હરિ વિલસે રીઝાવીને,
અહાહા! એ વનિતાને.

ઘને જ્યમ દામિની ચમકે,
ત્યમ વારી જઇ હસ્તે
વેણીવનમાં તરૂણીના,
નૂતન સુમનો ભરે નેહે.

નીલાંબરમાં નખેથી જ્યાં,
પડેલો છે શશિ નાનો;

પયોધર અભ્રમાં માળા,
ભગણ શી મુદથી અર્પે.

ભ્રમર નિકર થકી મંડિત,
લલિત અંબુજ જયમ સોહે;
સુભગ કંકણ લીલમ કેરાં,
કમળ સમ હસ્તમાં અર્પે.

હેમાસન શા મદન કેરા,
રતિના ધામ જંઘાએ;
મણિતોરણ સમી કાન્ચિ,
રતિરસમાં બુડી સુહવે.

ઠરી થીર શ્રી રહી વિમળા,
અને જંહીં નખમણિ દીપે;
નવા કિશલય સમા ચરણો,
હરિ ચિતરે જ તે અળતે.

ઠગી શઠ મુજને વનમાં,
અવરથી રંગમાં રીઝે;
અફળ કાં હાય ! હું ઝૂરૂં,
વ્હીલી થઇને સહી સંધું.

કવિ જયદેવનાં રૂડાં,
હરિગીત ગાય જે સ્નેહે;
વિભુ પ્રાપ્તી થશે તેને,
અને મળ ના ઉરે રહેશે.

* * *

ન આવ્યો ક્રૂર પિયુડો,
અરે શૂં શોચતી તેમાં;
રસિક વિલાસી છે ભમતો,
સહી ! તે શૂં કરે તેમાં.

ખેંચાઈ એ પિયુ કેરા,
રૂડેરા ગુણથી હાવાં;
જઇ મળશે પિયુડાને,
તલસતા પ્રાણ ઉરે ભેદી.

* * *

'કમળ સમ ચક્ષુઓ નાચે,
હરિ એવા તણી સંગે;
રમે જે રંગમાં રામા,
ન તલસે કામના બાણે.

ઝરે વચનો અમી જેવાં,
હરિ એવા તણી સંગે,

રમે જે રંગમાં ભામા,
ન ટવળે મલયપવને.

ચરણ પદ્મે દીપે લાખું
હરિ એવા તણી સંગે,
રમે જે રંગમાં લલના
છળે ના તે શશિબિંબે.

નવિન ઘન સમ વપુ દીપે
હરિ એવા તણી સંગે,
રમે જે રંગમાં નારી
બળે ના તે પરિહાસે.

કનક સમ વસ્ત્ર છે પીળાં
હરિ એવા તણી સંગે,
રમે જે રંગમાં કામા;
મદનતાપે જળે ના તે.

મુગટ શિરે દીપે રૂડો,
હરિ એવા તણી સંગે;
રમે જે રંગમાં ગોપી,
વ્હીલા ઉરે રૂવે ના તે.

વિહિત જયદેવ કવિ કેરી;
પરમ પુનિત આ વાણી;
ધરે જે કોડથી કાને,
ભવે ભટકે કદી ના તે.

*   *   *

જગતના પ્રાણરૂપ વાયુ!
કરી દૂર ક્રૂરતા તારી,
અરે ! દુ:ખથી રીબાતીની;
વિનંતી ઉરમાં ધારી;

હરિને અહીં સમીર શીળા!
હરી ક્ષણ એક તું લાવી,
અંતિમ ઝાંખી કરાવીને,
સહી થા પ્રાણના હારક.

*   *   *

જેને લીધે અમીનિધિ,
હળાહળ પેઠ રે નીવડે;
અનિલ અગ્નિ સમો લાગે,
અને વ્હાલાં દીસે વેરી;

હૃદય તે કાનને કાજે,
સખી! જોને મરે ઝૂરી;
અહા! અબળા પ્રતિ કૂડો,
ખરેખર કામ દીસે છે.

* * *

અદક્ષિણ કાં બને વાયુ!
અરે! દક્ષિણથી વાતા,
અરે! અગ્નિ સખા! મારી,
દહી દે દેહડી દુ:ખી.

અરે ઓ કામ! તું કીજે,
અનંગ મુજને કરી કૃપા;
હરીજે પ્રાણ આ મારો,
રતિપતિ! તૂં હવે શરથી.

* * *

હવે ના ધામ પણ રૂચે,
દીસે સંસાર પણ અવળો;
અનલના વાસથી મારૂં
બળ્યું બળ્યું થાય છે તનડું.

હળાહળ સિંચ કે યમુના;
વપુનો તાપ પણ નાસે,
રહે શું જોઈ તૂં એની!
દશા આ કારમી મારી.

* * *

ભક્તિથી જ્યાં ઈંદ્રઆદિ દેવતાએ હર્ષથી,
નામેલ મસ્તકના રૂડા લીલમરૂપે બેસે અલિ;
ને સ્વચ્છંદ વહતી સુરસરિરૂપે સુમનરસ જ્યાં ઝરે,
પ્રેમથી તે પદકમળ વામનતણું ધારૂં ઉરે.

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीतगोविंदे महाकाव्ये अनागत नारायण नाम सप्तम सर्गः

ગઝલે ગીત ગોવિંદ

સર્ગ ૮.

અસહ્ય કામના તાપે,
બની વ્હીલી મહાકષ્ટે,
નિશા ગાળી પ્રભુ વિના,
સહીને તાપ સ્મર કેરો;

પ્રભાતે સૂર્યના બિંબે,
મધુરૂં ભાખતા નેહે;
પ્રણત પિયુ પ્રતિ બોલે,
ખંડિતા રોષનાં વચનો.

* * *

નિશાના જાગ્રણે મારાં,
અરૂણાં નેત્ર લોચાતાં;
પ્રકાશે રાગ અંતરનો,
ઘેરાતાં ઘેનથી ભારી.

હઠો પ્રીતમ! ખસો જીવણ!
તમારૂં જુઠ મેં જાણ્યું;
તમે જેના થકી રાચો,
જઈ તે પાસ તમ જાચો.

કરતાં પાન ચક્ષુનું,
રંજિત અંજન થકી આ જે;
તમારો ઓષ્ટ છે કાળો,
વપુમાં ઠીક શોભે છે.

મદનજયલેખ મરકતની,
શિલામાં તેમ શી કંઠે;
ટંકિત છે પંક્તિ ઉંડેરી,
નખક્ષતની, સમીપમાં રે.

ચરણ અળતા તણા રંગે,
રંગીત આ ઉર તમ સાવે;
નવિન સ્નેહવૃક્ષના રૂડા,
અંકુર ફૂટતા બતાવે છે.

ઘવાયો ઓષ્ટ તમ દંતે,
અને મમ ઉર ચીરાયે;

વપુ છે આપણું જુદું,
હજુ એ એ બતાવે છે.

વપુ સમ ઉર પણ મેલું,
કળ્યું એ મેં કૂડા ક્હાના !
નહિ તો છેહ દો શાને,
રીબાતી નારને છેલા !.

તમે છો કાળ અબળાના,
કહું શું હું બીજું કાના !
કમાઈ કીર્તિની કીધી,
લઘુવયમાં હણી પુતના.

રચિત જયદેવ રસસંચિત,
રતિવંચિત આ રમા કેરી;
વિબુધો ! આ પીઓ વાણી,
અધિક અમૃત થકી મીઠી.

* * *

પેલી રામાના ઝમેલા પાયના જાવકરસે,
ઉરથી રેલંતું નવલો રાગ ભીતરનો શકે;

વિલોકી લાલા ! ઉર આવું હું ભૂલી દુઃખ દ્રોહનું,
અંતર વિષે હાવાં હરિ ! લાજી મરૂં છું ખૂબ હું.

* * * * *

શ્યામ અંબર કૃષ્ણએ ને પટ પીળું વીટયું વ્હાલીએ,
પ્રત્યુષમાં સાહેલીઓ હસતી સહુ આ ભાળીને;
રાધિકાનાં મુખ સામું મુગ્ધ મધુરાં લોચને,
જોતા જીવણજી મલપતા આનંદ દો આ વિશ્વને.

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीतगोविंदे महाकाव्ये खंडिता वर्णने विलक्ष लक्ष्मीपतिर्नामष्टमः सर्गः

ગઝલે ગીત ગોવીંદ

સર્ગ ૯.

થતાં બહુ કામની પીડા,
મુંઝાતી ઉરની માંહી;
રતિરસ ઝંખતી રાધા,
પ્રતિ બોલી દૂતી વાણી.

*　　*　　*

અનિલ મીઠો ધીમે વાયે,
પૂરે વનવાસ તવ પિયુ;
કહ્યું તું માન માનિની,
રીસાઇ શૂં પિયુડાથી?

તરૂ ખીલ્યાં ફૂલી વેલી,
રહી શું ધામમાં ઘેલી?
તરૂફળથી ગુરૂ ગરવાં,
કરે કુચ વ્યર્થ તું શાને?

ફરી ફરી શીખ દીધી કે,
પરિહર માં પ્રભુ પ્યારા;
ભરી ડસકાં રડે શાને?
હસે સઉકો તને શાણી!

શીતળ અંબુજની સેજે,
વિધુરા પિયુંને ન્યાળ;
અતિ તાપે બળે શાને,
કહ્યું મુજ માન માનિની!

પ્રભુ તુજને અહીં આવી,
સખી! વિનવે બહુ પ્રીતે;
અરે ઓ કૃષ્ણની વ્હાલી!
ઉરે શીદ ઓછું તું આણે?

કલિત જયદેવ કેરી આ,
વિધુરી સ્થીતિ રાધાની;
અતિ સુખ સર્વદા આપો,
રસિક વિલાસી ના ઉરે.

*　*　*

અણુરાગ રાખે રાગી શૂં, આવંતથી શૂં વામતા,
મીઠા શૂં કટુતા ને પડી પાયે રહંત શૂં રૂસણાં;
રાખે ઉલટી રીત તેથી ચંદ્ર ભાનુ લાગતો,
પીડ સમ લાગે ક્રીડા ને શિખી હિમે ભાસતો.

* * *

હલાવી મૌલિ ચિત્ત ખેંચી,
સુમન હેલી રચી હર્ષે,
ચિત્રિત ગોપી કરી દેતી,
ખીલાવી આંખ મહા મોહની;

ડારંતાં દુષ્ટ દાનવના
નિકર ઉચ્ચાટની ભંગી
પ્રભુ કેરી, અમીસુધા,
યમુના ઘાટની સીંચો.

इति श्री मन्महा कवि जयदेव विरचिते गीतगोविंदे महाकाव्ये
मुग्ध मुकुंद वदनो नाम नवम सर्गः

ગઝલે ગીત ગોવિંદ

સર્ગ ૧૦.

સુણી વાણી સહી કેરી,
વિસારી રોષ પ્રભુ પરનો;
ઉન્હા નિશ્વાસની સાથે,
વ્હીલૂં જોતી બીચારી, તે

તવાયેલી અનંગ તાપે,
રસીલીની, પ્રતિ મીઠું;
સુગદ્ગદ વિચરી સાંજે,
વદે શ્રી કૃષ્ણ મુરારિ.

* * *

વચન બે બોલ મીઠાં કે,
તિમિર અણતોલને મારા;
મિટાવે દંતની પ્રિયે!
ધવલ ચંદની શશિ જેવી.

રૂચિર મુખડું શશિ જેવું,
અધર અમી પાનને માટે;
ચકોર જ્યમ ચંદ્રને ચાહે,
નયનને ખૂબ તલસાવે.

હવે હા ! મે'ર તું કીજે;
પરી રીસ તું કરી દીજે,
રસીલી ! તું લીજે તારી,
જળે તનડું પ્રબળ કામે.

રૂઠી ઉરમાંહી જો પ્યારી !
વપુ નખથી જ વિંધ આમે;
ભીડી ભુજે અધર ચીર તું,
ચંડીનો રોષ જ્યમ વામે.

હૃદયનું રત્ન તું મારે,
અને જીવનું ય જીવન તું;
ધરી અતિ હોંશ ઉર ઝંખે,
"રહે તું થીર મારી પર".

અરપતાં મોહ ઉર ભારી,
નયન નીલોત્પલો આજે;

હૃદયને ભેદતાં શૂં આ,
દિપે છે શોણિતે શોણ.

ઉંચા કુચશૃંગ પર લ્હેરી,
વિજયધ્વજ હારરૂપ પ્યારી!
ધમકાવી મેખલા પૂંઠે;
ગજાવી આણ મૂક સ્મરની.

મદન ઉન્માદ મચવંતી,
હૃ દ ય ર સ વ ર્ધ ની દે વી !
ઊચર અળતે કરી ચિતરૂં
દીપંતી પાટલી પગની.

ચરણપલ્લવ ધરી શિરે,
વિષમ વિષ દ્રોહનું હર તું;
અગન અંતર રહી બાળી,
ભયંકર જવાળ સમવીજે.

સતી પદ્માવતી કેરા,
પતિ જયદેવનાં પુનિત;
વિકટ દુઃખ નાશ કરનારા;
વચન આ હર્ષ બહુ આપે.

* * *

શીદ રસીકડી! વ્હેમના કીચડે કળી? અલી આકળી!
તુજ રમી રહી રોમરોમે રગ રગે હે રંગીલી !
વિતનુ વિણ કોઈ ના પેસી શકે ઉરે અહીં,
પરહરી ભૂંડી ભ્રાંતિ ભામા! અંક ભુજ લીજે ગ્રહી.

* * *

જડી બેડી ચરણ કેરી,
ભીડી ભૂજ બંધમાં નેહે,
દશનક્ષતથી વીંધી વીંધી;
કુચાગ્રથી પીડી પીડી;

સુખી થા દંડી ચ ચંડી !
હવે ના લેશ સહેવાતું;
અનંગ અતિ તીર લઇ તીણાં,
હણે છે કાળજું મારૂં.

ભ્રકુટિ રોષથી વાંકી,
નિરખતાં જીવ જાયે છે;
અધર અમી પાય છે ત્યારે,
જીવનમાં જીવ આવે છે.

* * *

રીસ કરી પરી મીઠી મીટે મીઠી ! નિરખ તું જરી,
મુખથી મધુરી બોલી બોલી ઉંડી પીડા લે હરી;
ત્યાગ ના મુજને રમા ! કીજે કૃપા કંઈ હું ભણી,
રતિરસભીનો તુજ આ પિયુ જો વિનવે છે તારૂણી !

* * * * *

અધર તે બંધૂક ખીલ્યું, દંત દીપે કુંદ, ને
નાક તે તિલપુષ્પ ને, ચખ તે કમલ ખીલ્યું દીસે;
કપોલ તે ફૂલ મધુકનું એ રીત તારે મુખડે,
પંચ શરે જાણું જીતે જગ આ અનંગ શાણી ! સુખે.

* * * * *

સુકેશી શિર વેણી છે, ને ચિત્રલેખા ભ્રૂ જ આ,
મદાલસા છે આંખ, ને તિલોત્તમા છે નાસીકા;
ઉરવશી કુચ આકૃતિ, તુજ જંઘ છે રંભા; અહા !
ત્રિદિવસુંદરીમયી દીપે તન્વી જ તું! પૃથ્વીગતા.

* * * * *

ગજેન્દ્ર ઉપર ઘાવ કરતાં કૃષ્ણ રાધાજી તણાં;
સંભારી કુચ નયનો મીંચી સ્વેદે પુરાં ભીજાયલાં,

"જીત્યો જીત્યો" ગજ બકી હરખાય કંસ ખાંતે વૃથા
ને ગજ હણે મુષ્ટી થકી હરિ તે હરો સઉ આપદા.

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीतगोविंदे महाकाव्ये मानिनी वर्णने चतुर चतुर्भुजो नाम दशमः सर्गः

ગઝલે ગીત ગોવિંદ.

સર્ગ ૧૧.

રસિક શિરોમણિ કૃષ્ણ
સુપેરે રીઝવી કામા;
મનોહર વેશ પ્હેરીને
પધાર્યા વંજુના કુંજે.

તવ શણગારને પ્હેરી
થઈ સજ્જ બેઠી જે ત્રીયા.
તિમિરપુંજે જઈ દૂતી
વદે તે શૂં શમી સાંજે.

* * *

મધુહર જે મીઠું વદતા,
પડીને પાયમાં તારા;
વંજુલ કેલિ નિકુંજે તે,
શયન કુસુમનું સેવે.

બની વિધુર કામેથી
હરિ તુજને બહુ ઝંખે;
રહી અહીં બેઠી શૂં ઘેલી ?
પરવરી અંક લે શાણી!

જઘન સ્તન ભારના લીધે,
ધરી ધીરી ગતિ કામા;
મણિમંજીરના રણકે,
લજવ તું હંસને શ્યામા !

મુનિ મન મોહ ભરનારી,
બજાવે બંસી જો પિયુ;
દુહાઈ કામની ગજાવે,
ટહુકી કોકિલા ભાવે.

પ્રેરે વનવેલી આ તુંને,
તરલ પલ્લવ પાણિથી;
વિલંબ કર ના સખી રાધા !
ઝડપથી ચાલ મુજ સાથે.

ભીતર આંદોલને ડોલી,
નચવતા જે મણિમાળા;

પયોધર જો સખી ! તારા
શુકન હરિસાંઇના દે છે.

વનિતા સ્નેહમાં શૂરી,
પુરેપુરી ગવાયે તું;
સખી ! તેથી કટિકાન્ચિ,
દમકવી ચાલ મુજ સાથે.

અનંગના બાણના જેવા,
સુશોભીત નખે મંડિત;
અલી! કર સહી પરે રાખી
કરિણી ચાલથી સંચર.

અધિક રમણીય રમણીથી,
અને મંજુલ માળાથી;
કવિ જયદેવની ગિરા,
રસિક કંઠે રમો નિત્યે.

* * *

નેન ભરી જોશો જ આવી, બોલશે ગિરા મીઠી,
અંક લેશે ભુજ ભીડી, રહેશે વળી રતિ વિસ્તરી;

એ લેહમાં બની લીન જોઈ તુજને કંપી હરિ,
હર્ષી સ્વેદ ઝરી ઘસી મૂંછે નિકુંજે હા ! ઝૂરી.

*   *   *   *   *

નેને કાજળ સારતું, કર્ણે તમાલ ઝુલાવતું,
નિલ નલિન શિરે અને કુચ કસ્તુરી સોહાવતું;
ઘનશ્યામ રંગી સાડી નવલી અંગ પર લપટાવતું,
સાંઇ દે કુંજે ઘને છુપી જતી સ્ત્રીનાં વપુ.

*   *   *   *   *

પિયુ મેળાપના કાજે,
ઝડપથી વીજ શી ધાયે;
સ્વરૂપ ભંડાર શ્યામાને,
રહંત ઘનશ્યામ તમ ઘેરી.

કૃશાંગીના વપુ કેરી,
અનેરી કાન્તિના રૂપે;
અરે ! સ્નેહરૂપ કુંદનની,
કસોટી રાધિકા ! કાઢે.

*   *   *

સખીના સંગમાં ત્યારે,
સીધાવી નાર વિધુરી;
મણિમુક્તા તણા કિરણે,
ઉજાળી કુંજ વંજુનો.

સલજ્જ દ્વારે ઉભી વ્હાલી,
સહજ શરમાઈ માવાથી;
ઉભેલી નિરખી તેને,
તહીં ઉચરી વચન આલી:—

*   *   *

લલિત તરૂપુંજમય કુંજે,
રતિરસથી ભર્યા ઉરે;
સમીપે આવ માવાની,
વિલસ તે સાથ તું રાધા!

અશોક–દલથી રચિત શયને,
વિલસ તું આવ માવાથી;
નચવ મૌતિકની માળા,
પયોધર ઉપરે રાધા!

કુસુમ કળી યુક્ત આ ગેહે,
વિલસ તું આવ માવાથી;

સુહવ તે પુષ્પના જેવા,
અતિ કોમલ તને રાધા !

ત્રિવિધ પવને તરૂપુંજે,
વિલસ તું આવ માવાથી;
સુંદીર સ્મીતની છટાયેથી,
પિયુષ વરસાવ તું રાધા!

લતા પત્રે ભર્યા ગેહે,
વિલસ તું આવ માવાથી;
જઘન ને સ્થૂલ કુચેથી,
ભરી તે નાંખ તું રાધા !

મુદિત ભ્રમરે મુખર કુંડે,
વિલસ તું આવ માવાથી;
સ્વચ્છંદ રસસિંધુ જો ઉડે,
સુખેથી ઝીલ તે રાધા !

મધુર સુરા–કલિત ગેહે,
વિલસ તું આવ માવાથી;
ધવલ ઇંદુ પ્રભા જેવા,
દશનથી તે દીપવ રાધા !

પ્રણય પ્યાસી સતી પદ્મા
વતીના, પ્રાણ જયદેવની;
શુચિ સૂક્તિ રહો નિત્યે,
ઉરે આનંદ ઉપજાવી.

* * * * *

તીર તીવ્ર મારે કામ તડુકી શુદ્ધી સઉ તેથી ભૂલી
ઝંખે નિરંતર અંતરે પીવા પિયુ અમી મુખની;
અંક આપી તર્પ તું, સંકોચ ઉર શાને સખી ?
અણમૂલા છે દાસ તાહરા પ્રેમના શ્યામા ! નકી.

* * * * *

ભીતી ને હર્ષથી ચંચલ
નયનથી, સુંદરી ત્યારે;
પૂરી નેપૂર સ્વર મંજુ,
લલિત તરૂપુંજમાં પેઠી.

* * *

રહે ઉછળી શશિ ઉગતાં,
અનંતે ઉર્મી સાગરની;

ત્યમ નિજ આસ્ય કાંતિથી,
ભજંતાં ભાવ વિધવિધ,

નયનથી નિરખ્યા ત્યારે,
રતિરસ ખૂબ તલસંતા;
મદન મોહન મદન ઘેલા,
લસંતા ખૂબ આનંદે.

સ્ફૂરે જ્યમ પ્રીણ રૂપાળું,
યમુના વારિનું કાંઠે;
વિપુલ ઉરે અતિ નિર્મલ,
દિપે મૌતિકની માળા.

પીળી રજથી છવાયેલું,
નલિન નીલ જેમ શોભે છે;
સુશોભીત કેશરી વસ્ત્રે,
વિંટાયેલા હરિ શોભે.

ખંજન જ્યમ ખેલતાં ભાવે,
પ્રફુલ્લ અંબુજને વિષે;
મચાવે મોહ રસભીનાં,
નયન નર્તત હરિ કેરાં.

કમળ સમ મુખની કાન્તિ,
જુએ જાણે ઝૂકી ભાનુ;
મકર–આકૃતિનાં કુંડળ,
પિયુના કર્ણમાં લળકે.

અંકિત ઉજ્જવલ શશિબિંબે,
જલજ જ્યમ આભમાં સોહે;
ત્યમ ફૂલમાળથી શોભે,
પ્રભુ શ્રીકૃષ્ણનું મસ્તક.

અચિરોદિત પૂરણ ઈંદુ,
તિમિરમાં જેમ ઉજાશે;
ચંદન તિલક મુરારિને,
લલાટે તેમ વિરાજે.

રગે રગ કંપતા ભારી,
બનેલા પ્રેમથી વ્યાકુળ;
સુંદર કિરણે વિભૂષણના,
દીપે શ્રીકૃષ્ણ કોડિલા.

નિરૂપમ રૂપ કેશવનું,
વિહિત જયદેવ કવિ કેરૂં;

રસિક જન ઉર શૃંગારે,
રહો શણગારી રૂડેરૂં.

* * *

નેહથી નિહાળતાં પિયુજીને કેલિગૃહે,
ઓળંગી ખૂણા નેત્રના વિધંત યુગલકર્ણને
વંધીને, રાધિકા તણાં મદથી ભરેલાં નેત્ર બે,
હર્ષાશ્રુરૂપે શૂં ઝરે શ્રમજળતણાં બિંદુ ખરે ?

* * * * *

મૂર્તિ મધુરી સેજ પાસે વિચરીને કામિની,
મદને ભીણી અધુરી દૃગો એ ભાળતી પ્રીતમ તણી,
સલપતી મિષે ખસી સખીયો બધી તે કુંજથી,
લાજે વિલોકી તે, જતી રહી લાજી બધી રાધા તણી.

* * * * *

મંદાર સુમને જયશ્રીયે જાણે પૂજેલો શૂં જ હા !
સિંદુરે ચરચિત શૂં હર્ષે જતાં રણભૂમિમાં;
રમતમાં મુષ્ટિ થકી હણીને મદોન્મત હસ્તીને,
રૂધિરે ભરેલો હસ્ત પ્રભુનો ધન્ય છે આ ભુવને !

इति श्रीमन्महा कवि जयदेव विरचिते गीत गोविंदे महाकाव्ये ऽभिसारिका वर्णने सानन्द गोविंदो नामैकादशः सर्गः

प्रेमचुंबन.



મલપતી મિષે ખસ્સી સખીયો બધી તે કુંજથી,
લાજે વિલોકી તે, જતી રહી લાજી બધી રાધા તણી

સર્ગ.૧૧.

A 3604 Lakshmi Art, Bombay, 8

ગઝલે ગીત ગોવિંદ

સર્ગ ૧૨.

વિજન રજની નિરખી લજ્જા છબીલીની છૂટી,
પ્રગટી તનમાં તાલાવેલી ઉરમાં રતિ ઉલટી;
દૃગ સલૂણીની પ્રેમથી સેજે રમી રૂહી તલ્પતી,
તવ તલસતી પ્યારી પ્રત્યે ઉચ્ચર્યા હરિ હર્ષથી.

* * * * *

જતું સરસાઇ કરવાને,
અરે તુજ હસ્તની ભામા !
શયન નૂતન કૂંપળ કેરૂં,
ચગદ તુજ પાયથી વ્હાઈ.

તને આધીન જે રહેતો,
અનુચર વિનવે વ્હાલી !
કરૂણા કાંઇ બતલાવી,
પરિરંભણ સુખાળું દે.

નપૂરવત તુજના પાયે,
શરણુ રહેનાર સેવકની;
પરે કાંઈ મયા લાવી,
શયન સુહવ રસીલી ! તું.

શુભ રીતે વચનો બહુવ અમૃત સમાં શશિમુખથી,
કે પ્રીતે ટાળું પટાંતર વ્રેહ કરવતું કુચથી;
ડાલે બહુ રસ આંદોલે કંપીત તુજના જે પ્રીયા !
અર્પી એ કુચ અંબુજ હર તાપ ઉરના અંગના !

વિરહાગ્નિ આ તનડું દહે સંહારી મુજ સુખ શાન્તિ રે,
તું જ બેલી મુજ; અર્પી અધર અમી ઉગારી લે;
કાન્ચિના રણકાર શૂં તુજ કંઠની કીલકારીથી,
પીડ હર કોકિલના સૂરથી જ વ્યાકુળ કાનની.

મુજ સંગ નિષ્ફળ રોષ ધરી સંતાપી ઉર શરમાઇને,
રસીલાં નયન પડી છોભીલાં લોચાઈ જાયે તુજ પ્રીયે;
ઉચ્ચારી કવિ જયદેવજીએ વિનતી જે કૃષ્ણની,
રતિરંગઉર્મી ભોગીના ઉરે પસારી દે અતિ.

* * * * *

મુખસુધા પીતાં નડે સીત્કાર, જ્યાં ભીડતાં ભુજે,
રોમાંચે ખટકે, નેન ભરી જોતાં નિમેષ જહીં નડે;
આનંદ પણ જ્યાં નડે ક્રીડા તણો રસ ચાખતાં,
જુગલની રંગે ભરી તેવી મચી કેલિક્રીડા.

* * * * *

ભીડાઈ ભુજજંત્રમાં, અતિ સ્તન ભરે પીડાઇ ને,
જંઘાદ્રયે ઝૂકાઇ ને, નખથી વીંધાઇ વીંધાઇ ને;
મરડાઇ કર શૂં શિરે, દંતેથી વળી કર્ડાઇ ને,
રગડ કંથ રીઝયા બહુ; અહો ! કામ કેવો વામ છે ?

* * * * *

રતિરંગસંગરના વિષે લઢતાં સમે તન્વંગીએ,
કીધ સાહસ દક્ષ પિયુને પાડી નીચે સંભ્રમે;
ત્યાં તો પડી ઢીલી બાંવડી, ઢળી આંખ છાતી ફફ઼ૅડી,
જાંઘ પણ થર્થરી; પુરૂષ બને કયમ કામિની ?

* * * * *

માળા તૂટી, ગઈ લટ છુટી, ડોળાઈ છે વળી આંખડી,
લોપાઈ લાલી ઓષ્ટની, નખથી ઘવાઇ છાતડી;

સરી ગઇ કટિમેખલા તે કામના બાણે તહીં
લાગી આંખે વિંધીયું ઉર પિયુનું વ્હાણા માંહી.

* * * * *

વાણી વિધુરી નિસરે સીત્કારથી, ને દંતની,
જ્યોતી ગૌર ઝગે, રમે, સ્મીત, જાય ઢળી વળી આંખડી;
લખલખે અંગો ઢીલાં, ને ઉર ઉછળે હાંફથી,
તેવી તન્વી ભુજ ભીડી મુખડું પીએ પિયુ તર્ષથી.

* * * * *

વરમાળ અર્પીશ વ્હાલી ! તું મારે ગળે એવું ઉરે
ધારી, ક્ષીર સાગરે પીધું હળાહળ શંકરે;
આ વેણથી લઈ મન હરી, સંકેલી સાડીને ધીરે,
કુચપદ્મ રાધાના. રાખે જોતાં પ્રભુ શ્રીને ભરે.

* * * * *

ઢીલી લટો છે, અગર રચના સ્વેદથી ચુંથાઈ છે,
ગાઢો ઘવાયો ઓષ્ટ છે, મણિમાળ વળી છિન્ન છાઈ છે;
ને ક્યાં એ કાન્ચિ એ સરી, તદપી તન રેલી રહે,
રંગ, ઢાંકંતી કરે તન લુલિત સુમન માળથી.

* * * * *

એવી રીતે રતિ પરવશ,
રસીલા કૃષ્ણની પ્રત્યે;
રતિ અંતે અતિ પ્રીતે,
શ્રમિત તે રાધિકા બોલે.

* * *

મંગળ સ્મરના કળશ જેવા,
રૂચિર ઉત્તુંગ સમ કુચે;
મધુર રસ કસ્તુરી કેરો,
શશિર ઈંદુ સમા હસ્તે,

તમે ચર્ચો પિયુ ! પ્યારા,
પ્રભુ ઘનશ્યામ સૌભાગ્ય !
ભૂષણ મણિમોતિનાં વ્હાલા !
પહેરાવો તને મારા.

લુછાયું છેક જે વ્હાલા !
રતિપતિના રણે અંજન;
નયન–શરાસને, પ્યારા !
ફરીથી આપ ! તે આંજો.

નેન મૃગ ઉલટી છલંગ ગતિ ભંગ થઈ જહીંથી ભરે,
સ્મરપાશ સમ તે કર્ણમાં અર્પો મણિકુંડળ કરે;

મુખાંબુજે ભમતા અલિ સમ દીસતા મમ કેશ, તે
ઠીક કરો ઓળી તમે ઠીકઠાળી સખી કરશે મિષે.

શ્રમજળ સબળ હરિ હે ! હરી ગરવા અગર કેરા રસે,
શુભ અંક કરો તિલક મિષે અકલંક અલિકઈંદુ વિષે;
ગલિત લટરો ફૂલની રતિમાં, ગ્રથી ફરી બેશ ને,
મોરપુચ્છ સમ સુહવો સ્મરચમ્મરરૂપ મમ કેશને.

કામ રૂપી હસ્તીના ગહ્વર સમા જઘને ઘને,
કનકરશના બાંધી સાંધો પટ પીતાંબર ! આ ક્ષણે;
રસિકો તમે ઉરમાં ધરો વાણી કવિ જયદેવની,
જે પાપને બાળી દીએ હરિચરણસ્મરણામૃતથી.

*　*　*　*　*

અલિકે તિલક, કેશે સુમન, કંકણ મણિ કેરાં કરે,
મકરી કુચે, કાંચી કટિએ, પાય નેપૂર પિયુ રૂચે;
સુતનુ વિધ એ પ્રીતે જે જે રસેથી ઉચરે,
તે તે રૂચિ રૂચિર સૌ હેતે પ્રસન્ન પ્રભુજી પૂરે.

*　*　*　*　*

ઢંકાઈ જાતાં લક્ષ્મીને નાભી કમળના નાળથી,
પ્રિયતમા પગ દાબતી જોવા શકે અધીરા બની;

वेणीगुंथन.



ગલિત લહરો ફુલની રતિમાં, ચથી ફરી બેશ રે,
મોર પુચ્છ સમ સુહવો સ્મરચમરરૂપ મમ કેશને

સર્ગ. ૧૨.

A 3694 Lakshmi Art, Bombay, 8

સંક્રાંત રૂપે કરી સહસ્રમણિમાં શેષની,
ધારે મૂર્તિ અનંત, તેહ રક્ષો સઉને શ્રી હરિ !

इति श्री मन्महाकवि जयदेव विरचिते गीतगोविंदे महाकाव्ये स्वाधीन भर्तृका वर्णने सुप्रीतपीतांबरो नाम द्वादशः सर्गः

ગઝલે ગીત ગોવિંદ

પ્રશસ્તિ.

જ્યાં રિદ્ધિ વડી રસરાજની, સંગીતની વળી માધુરી,
ધાડી ચમત્કૃતિ કાવ્યની, અમી ભક્તિની ભારી ભરી;
તે નિરખવા ઉર જો ચહે તો નંદજીના નંદની,
વાણી કવિ જયદેવની સુણજો **શ્રીગીતગોવિંદની.**

इति श्री मन्महाकवि जयदेव विराचते गीतगोविंदे महा काव्ये प्रशस्तिः ॥

સોલ એજન્ટસ્

મેસર્સ. એન. બી. દેસાઇ
એન્ડ કંપની.

પાટડી–(ડી. અમદાવાદ.)